અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ જૂન ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૧૪

વર્ષ : ૧૬
અંક : ૩૩૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com

RNI Reg. No. GUJGUJ/2009/28886

મહારાષ્ટ્રના કલ્યાણમાં રેલવે દૂર્ઘટના

# પુષ્પક એક્સપ્રેસમાં ચઢવાની હોડમાં પાંચ લોકો કચડાયા

## ટ્રેન કલ્યાણ જંકશન પર ઉભી રહી ત્યારે ઓફિસ જનારા લોકો તેમાં ચઢવા માટે દોડ્યા, ભારે ભીડ અને ધક્કામુક્કીના કારણે આ અકસ્માત થયો હતો

। મુંબઈ, તા.૯ ।

મહારાષ્ટ્રના કલ્યાણમાં એક મોટી ટ્રેન દુર્ઘટના બની છે. સોમવારે (૯ જૂન) કલ્યાણ જંકશન પર પુષ્પક એક્સપ્રેસમાંથી પાંચ મુસાફરો પડી ગયા. કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે ટ્રેન કલ્યાણ જંકશન પર ઉભી રહી ત્યારે ઓફિસ જનારા લોકો તેમાં ચઢવા માટે દોડી ગયા હતા. આ દરમિયાન ભારે ભીડ અને ધક્કામુક્કીના કારણે આ અકસ્માત થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ લોકો તેમની ઓફિસ પહોંચવા માટે દરરોજ ટ્રેનમાં મુસાફરી કરે છે. આ બધા આ ટ્રેનમાં ચઢે છે અને છત્રપતિ શિવાજી ટર્મિનલ (CST) તરફ જાય છે. સોમવારે, ઓફિસ સમય દરમિયાન, ટ્રેનમાં ચઢવા માટે ખૂબ જ ધસારો થયો હશે અને પછી ધક્કામુક્કી થઈ, જેના કારણે આ અકસ્માત થયો. મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર, બે લોકલ ટ્રેનો એકબીજાથી પસાર થઈ રહી હતી ત્યારે લટકતા મુસાફરો એકબીજા સાથે ટકરાયા ગયા. આ કારણે ૧૦-૧૨ મુસાફરો રેલ્વે ટ્રેક પર પડી ગયા. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૬ મુસાફરોના મોત થયા છે. જ્યારે બે મુસાફરો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



### ધક્કામુક્કી થઈ, જેના કારણે આ અકસ્માત થયો

**ભાજપ નેતા કિરીટ સોમૈયાએ કહ્યું કે મુમ્બ્રા કાલવામાં બનેલી ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે. થાણેથી ડોંબિવલી વિસ્તારમાં જે ગતિએ વસ્તી વધી છે તે ગતિએ અમે પરિવહન વ્યવસ્થા વધારી શક્યા નથી. તેથી, દેવેન્દ્ર ફડણવીસ સરકારે મેટ્રોના કામ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વૈકલ્પિક રસ્તાઓની ક્ષમતા વધારવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને તે જ સમયે, થાણેને બાયપાસ કરીને દિવાળી સુધીમાં સીધો રેલ જોડાણ બનાવવા માટે તમામ કોચમાં ૧૫-૧૫ કોચ બનાવીને ક્ષમતા વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમાં ૨-૫ વર્ષ લાગશે. આવા સમયે મુસાફરોએ આ શિસ્તનું પાલન કરવું જોઈએ તેવી વિનંતી છે.**

ઓટોમેટિક દરવાજા લગાવવાનો નિર્ણય

# મુંબઈમાં લોકલ ટ્રેનમાં ૫ મોત બાદ તંત્ર સફાળું જાગ્યું

## તમામ કોચ ફરી ડિઝાઇન કરાશે : આ ટ્રેનોમાં ઓટોમેટિક દરવાજા બંધ કરવાની સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવશે

। મુંબઈ, તા.૯ ।

મુંબઈમાં એક લોકલ ટ્રેનમાં સોમવારે સવારે એક દુઃખદ ઘટના બની હતી. આ દુર્ઘટના મુંબઈના દીવા અને મુમ્બ્રા સ્ટેશન વચ્ચે થઈ હતી. અહીં ભારે ભીડ હોવાથી લોકલ ટ્રેનમાંથી પડી જવાના કારણે પાંચ મુસાફરોના મોત થયા હતા. અકસ્માત સમયે ટ્રેનમાં ખૂબ જ ભીડ હતી અને કેટલાક મુસાફરો દરવાજા પર લટકીને મુસાફરી કરી રહ્યા હતા. આ દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને રેલવે બોર્ડે દ્વારા તાત્કાલિક મુસાફરોની સલામતી માટે કડક પગલાં લેવામાં આવ્યા છે. રેલવે બોર્ડ દ્વારા જારી કરાયેલી સૂચનાઓ અનુસાર હવેથી મુંબઈમાં નિર્માણાધીન તમામ ટ્રેનમાં ઓટોમેટિક દરવાજા બંધ કરવાની સુવિધા ફરજિયાતપણે ઉમેરવામાં આવશે. તેનો હેતુ એ છે કે, ચાલતી ટ્રેનમાં ન તો દરવાજા ખુલ્લા રહેશે અને ન કોઈ મુસાફર લટકીને મુસાફરી કરશે. આ સાથે જ હાલ ચાલી રહેલા તમામ કોચ પણ ફરી ડિઝાઈન કરાશે. આ ટ્રેનોમાં ઓટોમેટિક દરવાજા બંધ કરવાની સિસ્ટમ પણ ઈન્સ્ટોલ કરવામાં આવશે, જેથી સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવી શકાય.

**ટ્રેનમાં ખૂબ ભીડ હતી, જેના કારણે આ મુસાફરો ટ્રેનના દરવાજા પર લટકીને મુસાફરી કરી રહ્યા હતા**

મળતી માહિતી પ્રમાણે મુસાફરોના પડી જવાનું કારણ વધુ પડતી ભીડ હોવાનું કહેવાય છે. આ ઘટનાની માહિતી મળ્યા બાદ રેલ્વે વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. તેમજ આ ઘટના અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના કારણે સ્થાનિક સેવાઓને મોટી અસર થઈ છે. ટ્રેનમાં ખૂબ ભીડ હતી, જેના કારણે આ મુસાફરો ટ્રેનના દરવાજા પર લટકીને મુસાફરી કરી રહ્યા હતા. આ ઘટનાના કેટલાક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

ન્યૂઝ બ્રિફ

### શિલોંગમાં હનીમૂનની જીદ, પછી કરાવી પતિની હત્યા



। ઈન્દોર, તા.૯ ।

રાજા રઘુવંશીની હત્યાના મામલે એક મોટો ખુલાસો થયો છે. તપાસમાં સામે આવ્યું કે, સોનમ રઘુવંશી ખુદ આ કાવતરામાં સામેલ હતી અને તેણે હત્યારાઓ સાથે મળીને શિલોંગ જવાની યોજના બનાવી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજાની હત્યા બાદ સોનમ અને બાકીના આરોપી એકસાથે ટ્રેનથી પરત ફર્યા હતા. આ આખી યોજના પહેલાથી જ નક્કી હતી, જેનો હેતુ રાજાની હત્યાનો જ હતો. પોલીસે સોનમ અને બાકીના આરોપીઓ સાથે પૂછપરછ શરૂ કરી છે. જલ્દી જ તમામ પુરાવા અને નિવેદનોના આધારે હત્યાકાંડની આખી કહાણીનો ખુલાસો કરવામાં આવશે. આ મામલે પોલીસે ત્રણ લોકોને આરોપી બનાવ્યા છે. ધરપકડ કરાયેલા આરોપીમાં વિક્કી ઠાકુર, આનંદ અને રાજ કુશવાહ સામેલ છે. પોલીસ તપાસમાં જાણ થઈ કે, આ કાવતરાનો મુખ્ય માસ્ટર માઈન્ડ રાજ કુશવાહ હતો, જે સતત સોનમ રઘુવંશીના સંપર્કમાં હતો. કૉલ ડિટેલ રેકોર્ડ (CDR)ની મદદથી પોલીસે તેને ટ્રેસ કરી ઝડપી પાડ્યો હતો.

### કપિલ શર્મા શોમાં નવજોત સિંહ સિદ્ધુની ખતરનાક વાપસી થઈ

। નવી દિલ્હી, તા.૯ ।

કપિલ શર્મા હંમેશા લોકોને હસાવતો રહે છે. પહેલા તે ટીવી પર ધૂમ મચાવતો હતો અને હવે તે OTT પ્લેટફોર્મ પર ધૂમ મચાવી રહ્યો છે. કપિલ શર્માનો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો OTT પર આવી ગયો છે. તેના શોની બે સીઝન રિલીઝ થઈ ગઈ છે અને બંને શાનદાર રહી છે. હવે ત્રીજી સીઝન આવવાની છે અને આ સીઝનમાં હંગામો થવાનો છે. પહેલા અર્ચના પૂરણ સિંહ આ શોને જજ કરતી જોવા મળી હતી. જો કે આ સીઝનમાં તેને પોતાની ખુરશી શેર કરવી પડશે કારણ કે હવે નવજોત સિંહ સિદ્ધુની વાપસી થવાની છે. નેટફ્લિક્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે.

પત્રકારનો ફોન પણ છીનવી લીધો હતો

# કેનેડામાં ખાલિસ્તાની સમર્થકો દ્વારા એક પત્રકાર પર હુમલો

## ખાલિસ્તાનીઓ કહી રહ્યા છે કે તેઓ G-7 માં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાજકારણનો અંત લાવશે




। કેનેડા, તા.૯ ।

તાજેતરમાં કેનેડાના પીએમ માર્ક કાર્નેએ પીએમ મોદી સાથે વાત કરી હતી અને તેમને ૭૭ માટે આમંત્રણ આપ્યું હતું. જે બાદ કેનેડા સરકાર ટીકાનો સામનો કરી રહી છે. આ દરમિયાન કેનેડામાં ખાલિસ્તાન સમર્થકોએ એક પત્રકારને ઉગ્ર ધમકી આપી છે. ખાલિસ્તાનીઓએ તેને ઘેરી લીધો હતો અને ધમકી પણ આપી હતી. ખાલિસ્તાનીઓ અહીં જ ન અટક્યા, તેમણે પત્રકારનો ફોન પણ છીનવી લીધો હતો. આ ઘટના વાનકુવર શહેરમાં એક સાપ્તાહિક રેલી દરમિયાન બની હતી. પત્રકાર મોચા બેઝિર્ગને જણાવ્યું હતું કે હુમલાખોરોમાં એક વ્યક્તિ હતો જે છેલ્લા એક વર્ષથી તેમનો પીછો કરી રહ્યો હતો અને તેમની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યો હતો. તેમની વચ્ચે એક બ્રિટિશ નાગરિક પણ હતો જે લાંબા સમયથી તેમને હેરાન કરી રહ્યો હતો અને તેમના વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કરી રહ્યો હતો. મોચા છેલ્લા એક વર્ષથી કેનેડા, અમેરિકા, ન્યુઝીલેન્ડ અને યુકેમાં ખાલિસ્તાની વિરોધ પ્રદર્શનોને કવર કરી રહ્યો છે, જેના કારણે ઘણા લોકો તેમના રિપોર્ટિંગથી ગુસ્સે છે.

લોસ એન્જલસમાં અથડામણ ખાળવા ૨૦૦૦ ગાર્ડ તૈનાત

# ઇમિગ્રન્ટ્સ સામેની કાર્યવાહી પછી અમેરિકાના શહેરમાં સતત બીજા દિવસે હિંસક અથડામણો

## એસ ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટના અધિકારીઓએ ઇમિગ્રેશન સંબંધિત શ્રેણીબદ્ધ હાઇ-પ્રોફાઇલ દરોડા પાડ્યા પછી લોસ એજન્સેલમાં વિરોધ ભભૂકી ઉઠ્યો હતો

। લોસ એન્જલસ, તા.૯ ।

અમેરિકાના લોસ એન્જલસમાં ફેડરલ ઈમિગ્રેશન અધિકારીઓ અને દેખાવકારો વચ્ચે સતત બીજા દિવસે હિંસક અથડામણો થઈ હતી. વણસતી જતી સ્થિતિને કાબુમાં લેવામાં પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે નેશનલ ગાર્ડના ૨,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા હતાં. યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ ના અધિકારીઓએ ઈમિગ્રેશન સંબંધિત શ્રેણીબદ્ધ હાઈ-પ્રોફાઈલ દરોડા પાડ્યા પછી લોસ એજન્સેલમાં વિરોધ ભભૂકી ઉઠ્યો હતો અને દેખાવકારો રસ્તા પર આવી ગયા હતાં. રવિવારે સવારથી નેશનલ ગાર્ડના સૈનિકો લોસ એન્જલસ આવવા લાગ્યાં હતાં. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે શહેરમાં વધતી જતી અરાજકતાને કાબુમાં લેવા ઓછામાં ઓછા ૨,૦૦૦ નેશનલ ગાર્ડ સૈનિકોને ૬૦ દિવસ માટે તૈનાત કરવામાં આવશે. અમેરિકાના સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથે એક્સ પરની એક પોસ્ટમાં ચેતવણી આપી હતી કે જો હિંસા ચાલુ રહેશે તો મરીન સૈનિકોને પણ તૈનાત કરાશે.કેલિફોર્નિયાના



ગવર્નર ગેવિન ન્યુસમે નેશનલ ગાર્ડને તૈનાત કરવાના ટ્રમ્પના નિર્ણયની ટીકા કરીને તેને ઈરાદાપૂર્વકનું ઉશ્કેરણીજનક પગલું ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ફેડરલ સરકાર કેલિફોર્નિયા નેશનલ ગાર્ડનો કબજો લઈ રહી છે અને લોસ એન્જલસમાં ૨,૦૦૦ સૈનિકો તૈનાત કરી રહી છે. તેનું કારણ સુરક્ષા જવાનોની અછત નથી, પરંતુ ટ્રમ્પ સરકાર તમાશો કરવા ઈચ્છે છે. શહેરના વધુ એક વિસ્તાર પેરામાઉન્ટમાં શનિવારે દેખાવો થયા હતાં. દેખાવકારોએ LAમાંથી ICEને બહાર કાઢો જેવા સૂત્રોચ્ચાર કર્યા હતાં.

સ્ટોકમાર્કેટમાં આજે પણ તેજી યથાવત

# સેન્સેક્સ ૨૫૬ પોઈન્ટ ઉછળ્યો, ગ્રીન ઝોનમાં બંધ થયું શેરબજાર

## બજાજ ફાઇનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, ટ્રેન્ટના શેર નિફ્ટીના ટોપ ગેઇનર્સની યાદીમાં

। મુંબઈ, તા.૯ ।

સપ્તાહના પ્રથમ દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ થયું છે. વાસ્તવમાં આજે BSE પર સેન્સેક્સ ૨૫૬ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૪૫.૨૧ પર બંધ થયો. બીજી તરફ, NSE પર નિફ્ટી ૦.૪૦ ટકાના વધારા સાથે ૨૫,૧૦૩.૨૦ પર બંધ થયો. આજના ટ્રેડિંગ દરમિયાન બજાજ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, જિયો ફાઈનાન્સિયલ, ટ્રેન્ટના શેર નિફ્ટીના ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ICICI બેંક, ટાઈટન કંપની, સ્વ્સ, ભારતી એરટેલ, એટરનલના શેર ટોપ લોઝર્સની યાદીમાં સામેલ હતા. રિયલ્ટી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં ટ્રેડ થયા હતા. જેમાં આઈટી, પીએસયુ બેંકો ૧-૧ ટકા વધ્યા હતા. BSE મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૧ ટકાનો વધારો થયો હતો.

ચીફ મેડિકલ ઓફિસર રુદ્રેશ કુટીકરને સસ્પેન્ડ કર્યા હતા

# હીરો બનવા નીકળેલા મંત્રીએ છેવટે ડોક્ટરની માફી માંગી

## ગોવાના સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેએ પછી જાહેરમાં માંગવી પડી હતી

। ગોવા, તા.૯ ।

ગોવાના સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેએ ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (GMCH)માં એક વરિષ્ટ ડોક્ટર સાથે થયેલા વિવાદ પછી જાહેરમાં માંગવી પડી છે. આ વિવાદ ત્યારે શરુ થયો જ્યારે રાણેએ શનિવારે GMCH ના ઈમરજન્સી વોર્ડમાં અચાનક નિરીક્ષણ કર્યું અને એક દર્દી સાથે કથિત રીતે દુર્વ્યવહાર કરવાના આરોપસર ચીફ મેડિકલ ઓફિસર (CMO) ડો. રુદ્રેશ કુટીકરને સસ્પેન્ડ કર્યા હતા.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### મકાન વેચાણ આપવાનું નથી કહીને એડવાન્સ લીધેલ રકમ પરત પેટે ચાર માસ બાદ ચેક આપ્યો હતો.

# ગામડી : મકાન અપાવવા એડવાન્સ લીધેલ રકમ પરતનો ચેક રીટર્ન કેસમાં બે વર્ષની કેદ, ૧૦ હજાર દંડ

। માતર, તા.૯ ।

માતર તાલુકાના નાની માતરમાં રહેતા ખેડૂતને આણંદ નજીકના ગામડીમાં રહેતા પરિચિત વેપારીએ આણંદમાં ૧૫ લાખમાં મકાન અપાવવાનું કહીને ૫૦ ટકા એડવાન્સ તરીકે અને બાકીની રકમ રજીસ્ટર દસ્તાવેજ સમયે લેવાની નકકી કરી હતી. પરંતુ સાતેક માસ બાદ મકાન વેચાણ આપવાનું નથી કહીને એડવાન્સ લીધેલ રકમ પરત પેટે ચાર માસ બાદ ચેક આપ્યો હતો. જે બેંકમાં રજૂ કરતા અપૂરતા ભંડોળના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી નોટિસ આપવા છતાંયે ચેકના નાણાં પરત ન મળતા માતર કોર્ટમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ કરી હતી. આ કેસમાં કોર્ટે આરોપીને બે વર્ષની કેદ અને રૂ. ૧૦ હજાર દંડ તેમજ ચેકની રકમ ૭.૧૦ લાખ ૩૦ દિવસમાં કોર્ટમાં જમા કરાવવા, તેમાં કસૂર બદલ વધુ ૩ માસની સજા ભોગવવા હૂકમ કર્યો હતો. મળતી વિગતોમાં નાની માતરમાં રહેતા રફીઉદ્દીન મૈયુદ્દીન શેખને કામસર અવારનવાર આણંદ અવરજવર રહેતી હતી. તે દરમ્યાન ભાલેજ રોડ, ગામડીમાં રહેતા તોસીફભાઈ ફારુકભાઈ વહોરા સાથે ઓળખાણ થઈ હતી. જેમાં તોસીફભાઈએ પોતે મોબાઈલની દુકાન ચલાવતા હોવાની સાથે મકાન-જમીન લે-વેચનો વ્યવસાય કરતા હોવાનું જણાવ્યુ હતું અને સારું મકાન અપાવવાનું કહીને રફીઉદ્દીન શેખને આણંદની આયશા પાર્ક સોસાયટીમાં એક મકાન બતાવ્યું હતું. જેથી કિંમત ૧૫.૦૧ લાખ નકકી કરીને ૫૦ ટકા એડવાન્સ અને બાકીની રકમ મકાનના દસ્તાવેજ સમયે ચૂકવી આપવાનું જણાવ્યુ હતું. જેથી રફીઉદ્દીને વિશ્વાસ મૂકીને ૭.૧૦ લાખ ચૂકવ્યા હતા. પરંતુ સાતેક માસ બાદ તેઓ આણંદમાં અગાઉ જોયેલ મકાન જોવા ગયા ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે, આ મકાન અન્ય કોઈ વ્યકિતનું છે અને તે વેચાણ આપવાનું નથી. આથી તેઓએ તુરંત તોસીફભાઈનો સંપર્ક કરતા તેણે જણાવ્યુ હતું કે, મકાનના પેપરોમાં થોડી તકલીફ છે, તમારા કામનું નથી. હું તમારા નાણાં પરત આપી દઈશ. ત્યારબાદ ચાર માસ બાદ તા. ૨૨ જુલાઈ,૨૦૨૦નો રૂ.૭.૧૦ લાખનો ચેક આપ્યો હતો. જે બેંકમાં રજૂ કરતા અપૂરતા ભંડોળના શેરા સાથે પરત ફર્યો હતો. આથી તા. ૨૦ ઓગસ્ટ,૨૦૨૦ના રોજ નોટિસ મોકલવા છતાંયે નાણાં ન ચૂકવતા તા. ૨૮ સપ્ટે.૨૦૨૦ના રોજ માતર કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસમાં રજૂ થયેલ લેખિત-મૌખિક દસ્તાવેજી પુરાવા, દલીલો સહિત બાબતો ધ્યાને લઈને કોર્ટે નોંધ્યું હતું કે, આ કેસના કામે આરોપી હાજર રહેતા નથી. તેથી હાલના આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટનો લાભ આપવામાં આવતો નથી. આરોપીની ટ્રાયલ દરમ્યાનની વર્તણૂંક, કેસની ઉંમર અને ના.સુપ્રીમ કોર્ટના આર.વિજયન વિ. ચુકાદામાં નકકી કરેલ સિદ્ધાંત પ્રમાણે જરુરી વળતર બજાર ભાવ પ્રમાણે આપવાનું જરુરી જણાય છે. તેથી ફરિયાદીને ચેકમાં જણાવેલ રકમ પરત મળેલ ન હોય તેના કારણે ફરિયાદીને પણ નુકસાન થયેલ છે. ન્યાયાધીશ નરેન્દ્રકુમાર (જયુડી.મેજી.ફ.ક.,માતર)એ આરોપી વહોરા તોસીફભાઈ ફારુકભાઈને ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મુજબના ગુના અંગે ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી બે વર્ષની કેદ અને રૂ.૧૦ હજાર દંડનો હૂકમ કર્યો હતો.

## કાર-રિક્ષા વચ્ચે અકસ્માત થતાં ત્રણ લોકોએ યુવકનું અપહરણ કરી માર માર્યો

### મંગલમ સ્ટોર નજીક પહોંચ્યા ત્યાં સ્પીડ બ્રેકર હોવાથી કાર ધીમી કરી ત્યારે પાછળના ભાગે એક રિક્ષાચાલક અથડાયો હતો



। અમદાવાદ, તા.૯ ।

અમરાઈવાડીમાં કારના શો-રૂમમાં સર્વિસ માટે આવેલી કારની ટ્રાયલ લેવા બે યુવક નીકળ્યા હતા ત્યારે રસ્તામાં સ્પીડ બ્રેકર હોવાથી કાર ધીમી કરતા પાછળ આવી રહેલી રિક્ષા કાર સાથે અથડાઈ હતી. આ મામલે એક મહિલા સહિત ત્રણ લોકો એક યુવકનું અપહરણ કરીને ભાગી ગયા હતા. અમરાઈવાડી પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધ્યો છે. કૃષ્ણનગરમાં રહેતા દર્શનભાઈ ચૌહાણ અમરાઈવાડીમાં ખાનગી કંપનીના કારના શો-રૂમમાં નોકરી કરે છે. ૭ જૂને તેમને ત્યાં એક કાર સર્વિસ માટે મૂકાઈ હતી. સર્વિસ થયા બાદ દર્શનભાઈ અને હસમુખભાઈ ગાડીની ટ્રાયલ લેવા નીકળ્યા હતા. દર્શનભાઈ કાર ચલાવતા હતા. મંગલમ સ્ટોર નજીક પહોંચ્યા ત્યાં સ્પીડ બ્રેકર હોવાથી કાર ધીમી કરી ત્યારે પાછળના ભાગે એક રિક્ષાચાલક અથડાયો હતો. તેથી રિક્ષાચાલક સહિત બે શખ્સે દર્શનભાઈને કારમાંથી બહાર કાઢીને રિક્ષાનું નુકસાન કોણ આપશે? કહી ગાળો બોલીને માર માર્યો હતો. સાથે બેસેલા હસમુખભાઈ તેમને છોડાવવા જતા તેમને પણ માર મારીને અપહરણ કરીને રિક્ષામાં બેસાડી દીધો હતો. આ રિક્ષામાં એક મહિલા પણ હતી. ત્રણેયે દર્શનભાઈને જણાવ્યું કે તારા શેઠને કહેજે, રૂપિયા વટવા આવીને આપી જાય અને કારીગરને છોડાવી જાય. આમ કહી ત્રણે હાટકેશ્વર તરફ ભાગી ગયા હતા. આ અંગે દર્શનભાઈએ ત્રણ લોકો સામે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### સૌરાષ્ટ્રના પાંચ જિલ્લા જળાશયોની હાલત કફોડી

# ૮૧ જળાશયોમાં હાલ પાણીનો જથ્થો માત્ર ૨૦ ટકા જ !

### ૩૨ જળાશયોમાં એક ટીપું પણ પાણી બચ્યું નથી, ૧૫ જૂન સુધીમાં વરસાદ નહીં થાય તો સમસ્યા વિકટ બનશે

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૮૧ જળાશયોમાં સરેરાશ ૨૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ પૈકી ૩૨ જેટલા જળાશયો સંપૂર્ણપણે ખાલી હોવાથી તેના પર આધારિત વિસ્તારોમાં પાણીની સમસ્યા જોવા મળી રહી છે. જો આગામી ૧૫ જૂન સુધીમાં સારો વરસાદ નહીં થાય તો આ સમસ્યા વધુ વિકટ બનવાની સંભાવના છે.રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળ આવતા રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા આ ૩૨ ડેમોમાં હવે પાણી બચ્યું નથી. જો વરસાદ વધુ સમય ખેંચાય તો આ ડેમો હેઠળ આવતા ગામડાઓમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે.રાજકોટ જિલ્લામાં જળાશયોમાં સૌથી વધુ પાણી છે, જે ૩૬.૬૫ ટકા નોંધાયું છે. રાજકોટ જિલ્લાના ૨૭ જળાશયોમાં સરેરાશ ૩૬.૬૫ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ જિલ્લાના ૫ મહત્વના જળાશયો, જેમાં કરમાળ, વેણુ-૨, ડોંડી, ખોડાપીપર અને માલગઢ ડેમનો સમાવેશ થાય છે, તે સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે.મોરબી જિલ્લાના ૧૦ જળાશયોમાં ૧૮.૨૬ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. જોકે, આ જિલ્લાના ૪ ડેમ, જેમાં ધોડાધ્રોઈ, બંગવાડી અને મચ્છુ-૨ જેવા ડેમોનો સમાવેશ થાય છે, તે પણ ખાલી છે.જામનગર જિલ્લાના કુલ ૨૧ જળાશયોમાં સરેરાશ ૧૭.૮૦ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જિલ્લાના કુલ ૨૧ જળાશયોમાંથી ૧૧ જળાશયો, જેમાં આજી-૪, રંગમતી, કંકાવટી, ઉંડ-૨, વાડીસંગ, રૂપાવટી, સસોઈ-૨ અને વગડિયાનો સમાવેશ થાય છે, તે પાણીવિહોણા બન્યા છે. જામનગર શહેર અને દેવભૂમિ દ્વારકાના અમુક વિસ્તારો માટે આ ડેમો પાણીનો મુખ્ય સ્ત્રોત છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૨ જળાશયોમાં માત્ર ૩.૫૮ ટકા પાણીનો સંગ્રહ છે. અહીં સાની, વર્તુ-૧, ગઢકી, સોનમતી, શેઢા ભાડથરી, વેરાડી-૧, સિંધણી, કાબરકા અને મીણસાર સંપૂર્ણપણે ખાલીખમ છે. આના કારણે દેવભૂમિ દ્વારકા અને આસપાસના પવિત્ર યાત્રાધામોમાં પાણીની સમસ્યા વિકટ બની શકે છે.સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ જળાશયોમાં ૨૬.૫૩ ટકા જળસંગ્રહ નોંધાયો છે. આ જિલ્લાના ૬ ડેમ, જેમાં મોરસલ, સબુરી, વિવેથીદડાળા, ભોગાવો-૨, ધારી અને નિભણી ડેમનો સમાવેશ થાય છે, તે પણ સંપૂર્ણપણે ખાલી પડ્યા છે.

# કપડવંજ : સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ ગુજારનાર માલઈટાડીના યુવક અને તેના મિત્રને ૨૦ વર્ષની કેદ

। (એજન્સી) કપડવંજ, તા.૯ ।

૪ વર્ષ પહેલા એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપીને પોતાના મિત્રની મદદથી ભગાડીને લઈ જઈ તેણી ઉપર અવાર-નવાર દુષ્કર્મ ગુજારવાના કેસમાં કપડવંજ તાલુકાના રઈજી બારીયાના મુવાડા તાબે માલઈટાડીના યુવક અને તેના મિત્રને કપડવંજની સેશન્સ કોર્ટે તકશીરવાર ઠેરવીને ૨૦-૨૦ વર્ષની સખ્ત કેદની સજા સંભળાવી હતી. મળતી માહિતી અનુસાર કપડવંજ તાલુકાના રઈજીબારીયાના મુવાડા તાબે માલઈટાડીમાં રહેતા અજયભાઈ પ્રભાતભાઈ પરમાર (ઉં.વ.૧૯)ને ગામમાં રહેતી એક ૧૭ વર્ષ અને આઠ મહિનાની કિશોરી મનમાં વસી ગઈ હતી. જેથી તેને પ્રેમજાળમાં ફસાવવા માટે તે કિશોરીના સંપર્કમાં અવારનવાર આવતો હતો. અને મીઠી મીઠી વાતો કરીને કિશોરીને પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્ન કરવાની લાલચ આપી કશોરીને ભગાડી જવા માટે કોઈને મદદની જરૂર હોય તેણે તેના કપડવંજ તાલુકાના ભાલીયા તાબે માલઈટાડીમાં રહેતા મિત્ર કાનુભાઈ ઉર્ફે કાનજીભાઈ જુવાનભાઈ ઝાલા (પરમાર)ને વાત કરી હતી. તે વખતે કાનાભાઈએ જણાવ્યું હતું કે તમે ચિંતા ન કરો હું તમને ભુજ ખાતે રહેવાની વ્યવસ્થા કરી આપીશ. તમારા પરિવારના લોકો શોધીને થાકી જશે છતાં પણ તેઓ તમને શોધી નહીં શકશે. અગાઉ હું ભુજ ખાતે રહેતો હતો એટલે તમને રાખવાની વ્યવસ્થા કરી આપીશ તેમ કહીને હિંમત આપી હતી તથા સગીરાને પણ તું ચિંતા ના કરતી તમારા રહેવાની વ્યવસ્થા હું કરી આપીશ તેવું પણ તેણે જણાવ્યું હતું. જેથી અજયને હિંમત આવી હતી અને તેણે સગીરાને ભગાડી જવાનો પ્લાન બનાવ્યો હતો. જે અનુસાર ગત તા. ૭-૨-૨૦૨૧ની રાત્રે ઘરના તમામ લોકો સુઈ ગયા હતા ત્યારે સગીરા રાત્રે ૯.૩૦ વાગ ઘરની બહાર નીકળી હતી. અને રાહ જોઈ રહેલા પ્રેમી સાથે ભાગી છુટી હગતી. સૌપ્રથમ તેઓ ભાગીને આણંદ જિલ્લાના બોરીયાવી ગામે આવ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે ભુજ જિલ્લાના કુકમા ગામે પહોંચી ગયા હતા. જ્યાં કાનજીભાઈએ તેમના રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. ત્યાં રોકાયા હતા. આ દરમ્યાન અજયભાઈ ઝાલાએ સગીરાની મરજી વિરૂદ્ધ તેની સાથે અવારનવાર દુષ્કર્મ કર્યુ હતું. જેમાં કાનજીભાઈએ મદદ કરી હતી. આ બનાવ અંગે કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોકસો એક્ટ ૫(એલ), ૬, ૧૨, ૧૭ મુજબ દાખલ કરી આરોપીને પકડી પાડ્યા હતા અને તપાસ કર્યા બાદ ચાર્જશીટ તૈયાર કરીને કોર્ટમાં રજૂ કરી હતી. આ કેસ કપડવંજ સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો.

## આણંદ-સોજીત્રા રોડ ઉપર વર્ષના અંત સુધીમાં ૧૯ કરોડના ખર્ચ અત્યાધુનિક મહેસૂલ ભવન કાર્યરત થશે

। (એજન્સી) આણંદ, તા.૯ ।

આણંદ શહેરની વસતિ અને વ્યાપ વધવાની સાથોસાથ અગાઉના સમયમાં શહેરની મધ્યમાં કાર્યરત મોટાભાગની સરકારી કચેરીઓને સમયાંતરે અન્ય ખુલ્લી જગ્યાઓએ સ્થળાંતર કરવામાં આવી છે. જેમાં આણંદ જિલ્લા પંચાયત, કલેકટર કચેરી, આરટીઓ કચેરી વગેરેનો સમાવેશ થાય છે. જો કે કલેકટર કચેરીમાં કાર્યરત મામલતદાર શહેર અને ગ્રામ્ય તેમજ પ્રાંત કચેરીમાં વિવિધ કામસર અરજદારોની વધતી સંખ્યા અને ભવિષ્યના આયોજનોને ધ્યાને લઈને આ ત્રણેય કચેરીઓ અને તેને સંલગ્ન વિભાગો માટે અલગ મહેસૂલ ભવન બનાવવાનું બે વર્ષ અગાઉ આયોજન કરાયુ હતું. જેના ભાગરુપે આણંદ-સોજીત્રા રોડ ઉપર ઈવીએમ વેરહાઉસની બાજુમાં આવેલ સરકારી જમીનમાં ૮૬૦૦ ચો.મી. જગ્યામાં મહેસૂલ ભવન ઉભું કરવાની સરકારમાંથી મંજૂરી મળી હતી. આશરે ૧૨.૭૬ કરોડના ખર્ચ તૈયાર થનાર મહેસૂલ ભવનની ૬૦ ટકા ઉપરાંતની કામગીરી પૂર્ણ થયાનું જાણવા મળે છે. જયારે બાકીની કામગીરી આ વર્ષના ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે. નવીન મહેસૂલ ભવનને એ અને બી એમ બે બ્લોકમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. બંને બ્લોકમાં ભોંયતળિયા ઉપરાંત બે માળ બનશે. જેમાં મામલતદાર શહેર અને ગ્રામ્યની કચેરીઓ સહિત તેને સંલગ્ન ઈ-ધરા સહિતના વિભાગો પણ અહીં ખસેડવામાં આવશે.

# મહેમદાવાદ : લકઝરી બસની ટકકરે ગંભીર ઇજાથી મૃતકના વારસદારોને ૧૧. ૧૫ લાખ વળતર ચૂકવવા હૂકમ

। (એજન્સી) મહેમદાવાદ, તા.૯ ।

મહેમદાવાદ તાલુકાના કેસરામાં રહેતા વ્યકિત ગત ૧૧ સપ્ટે.૨૦૨૧ના રોજ સવારે ૯-૩૦ કલાકે વાંઠવાળી બ્રીજ ઉપર રિક્ષાની પાછળ ઉભા હતા. ત્યારે ખાત્રજ તરફથી પૂરપાટ આવેલ લકઝરીએ ટકકર મારતા માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં સારવાર દરમ્યાન મૃત્યુ થતા વારસદારોએ વળતર માટે અરજી કરી હતી. જેમાં નડિયાદ કોર્ટે મૃતકના વારસદારોને ૧૧.૧૫ લાખ વળતર અરજી તારીખથી વ્યાજ સહિત ચૂકવવા હૂકમ કર્યો હતો. મળતી વિગતોમાં કેસરામાં રહેતા આશરે ૫૫ વર્ષીય સાબીરમીયાં કરીમમીયાં મલેક ગત ૧૧ સપ્ટે.૨૦૨૧ના રોજ સવારે ૯-૩૦ કલાકે વાંઠવાળી બ્રિજ ઉપર, રબારી કુવા પાસે રીક્ષા પાછળ ઉભા હતા. દરમ્યાન મહેમદાવાદ ખાત્રજ તરફથી અમદાવાદના લાલજીભાઈ પાંડે લકઝરી બસ પૂરપાટ હંકારીને સાબીરમીયાં મલેકને ટકકર મારી હતી. અકસ્માતમાં માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા સાબીરમીયાને હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવમાં મૃતકના વારસદારોએ મોટર વ્હીકલ એક્ટ કલમ ૧૬૬ મુજબ લકઝરી બસના ચાલક, માલિક અને વીમા કંપની પાસેથી ૨૫ લાખ વળતર માટે તા. ૨૯ ડિસે. ૨૦૨૧ના રોજ નડિયાદ કોર્ટમાં દાવા અરજી દાખલ કરી હતી. આ કેસમાં લકઝરીચાલક લાલજીભાઈ પાંડે અને લકઝરીના માલિક અશોકભાઈ બારોટે લેખિત જવાબ રજૂ કરીને અરજીની હકીકતનો ઈન્કાર કર્યો હતો. જેમાં ચાલકની બેદરકારીના કારણે નહીં પરંતુ અચાનક એક વ્યકિત રોડ ક્રોસ કરવા જતા, ખૂબ હોર્ન વગાડવા છતાંયે તેણે ન ગણકારતાં અકસ્માત બનેલ હોવાનું જણાવ્યુ હતું. ઉપરાંત વીમો ઉતરાવ્યો હોવાથી વળતર ચૂકવવાની જવાબદારી વીમા કંપનીની થતી હોવાનું જણાવ્યુ હતું. જો કે વીમા કંપનીએ જવાબ રજૂ કર્યો હતો કે, લકઝરી ચાલકે પોલીસી, તારીખ,સમય, અકસ્માત સ્થળ, ગુજરનારનું નામ, ડ્રાઈવીંગ લાયસન્સની વિગતો રજૂ કરવી જોઈએ.

## ૧૧ જૂન ના રોજ વડોદરા મંડળ ના વાસદ-રનોલી સ્ટેશનો ની વચ્ચે બ્લોક ના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૬૨૪ (અપ લાઈન) પર રિ-ગર્ડરિંગ કામ માટે ૧૧ જૂન ૨૦૨૫ ના રોજ ૧૧.૧૫ કલાક થી ૧૬.૪૫ કલાક સુધી ૦૫.૩૦ કલાકનો મેગા બ્લોક લેવામાં આવશે. જેના કારણે અમદાવાદ મંડળ માંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જે નીચે મુજબ છે:

સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેન

★ ૧૧ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

●૧૧ જૂન ૨૦૨૫ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

## વિશેષ

### આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# અમદાવાદ શહેરમાં હથિયારબંધી અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/છરી/ચપ્પુ/ગુપ્તી/બેઝબોલ/લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિશ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનું ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરુચિભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારુ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે. આથી હું જી.એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૧૧/૦૬/૨૦૨૫ના કલાક ૦૦/૦૦થી તા.૨૫/૦૬/૨૦૨૫ના કલાક




૨૪/૦૦ સુધી આ કૃત્યો જેમ કે, (ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળું પાનુ હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની. (ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર. (ગ) કોઈપણ ક્ષયધર્મી ( શરીરને હાનિકારક ) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની. (ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની (ચ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની. (છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની. (જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરુચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઊથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિહ્નો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની,દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની ઉપર પ્રતિબંધ ફરમાવું છું: આ હુકમનો ખંડ (ક) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને અને સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને અને પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહીં. તેમને અને સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને અને પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## અમેરિકામાં ગેરકાયદે રહેતા લોકોને દેશ છોડવા નોટિસ

। વોશિંગ્ટન, તા.૯ ।

ભારતમાં યુએસ એમ્બેસીએ શનિવારે સવારે એક નવી એલર્ટ જારી કરી છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકોને તાત્કાલિક દેશ છોડવાની ચેતવણી આપવામાં આવી છે. જોકે, આ ચેતવણીની સાથે જ જેઓ અમેરિકા છોડવા ઈચ્છે છે તેમના માટે એક ઓફર પણ આપવામાં આવી છે. એમ્બેસી દ્વારા જારી કરાયેલી સત્તાવાર નોટિસમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, અમેરિકામાં ગેરકાયદે રહેતા વિદેશી લોકોએ તરત જ દેશ છોડી દેવો જોઈએ. આ માટે તેમની પરિસ્થિતિઓના આધારે, તેમને યુએસ સરકાર તરફથી નાણાકીય અને અન્ય સહાય મળી શકે છે.' આ ઓફરનો લાભ લેવા ઈચ્છતા લોકોને ટ્રમ્પ વહીવટીતંત્રની 'CBP Home App' દ્વારા રજીસ્ટ્રેશન કરાવવા માટે રી-ડાયરેક્ટ કરવામાં આવ્યા છે. યુએસ સેક્રેટરી ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ સ્વૈચ્છિક ડિપોર્ટેશન કરનાર માટે તેમની ધરપકડ ન કરતા આ સલામત અને સૌથી વધુ અસરકારક રસ્તો પસંદ કર્યો છે. આથી યુએસ સરકાર સ્વૈચ્છિક ડિપોર્ટેશન માટે CBP Home App ને હાઈલાઈટ કરી રહી છે.

## પ્રિવેન્ટિવ ડિટેન્શન એક અસાધારણ સત્તા સરકાર તેના અમલમાં સંયમ રાખે: સુપ્રીમ

। મુંબઈ, તા.૯ ।

સુપ્રીમ કોર્ટે એક આદેશમાં મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે પ્રિવેન્ટિવ ડિટેન્શન રાજ્યને મળેલી એક અસાધારણ સત્તા છે, જેને સંયમ પૂર્વક જ ઉપયોગ કરવો જોઈએ. આ જોગવાઈ વ્યક્તિ વધુ ગુના કરશે તેવી ધારણાને આધારે વ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકતી સત્તા છે. તેનાથી તેનો સામાન્ય સંજોગોમાં ઉપયોગ થવો જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે ચાર કેસમાં જામીન મળ્યા પછી ગેરકાયદે પ્રવૃત્તિમાં કથિત રીતે સંડોવાયેલ એક ફાઈનાન્સરને અટકાયતમાં લેવાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટના આદેશને રદ કર્યો હતો. આરોપીએ વિવિધ કેસોમાં જામીન શરતોનો ભંગ કર્યા હોવાથી આદેશ પસાર કરાયો હતો તેવી સત્તાવાળાની દલીલને ફગાવી દઈને ન્યાયાધીશ સંજય કરોલ અને મનમોહનની બનેલી ખંડપીઠે નોંધ્યું હતું કે સત્તાવાળાએ આરોપીને અટકાયતામાં લેવાની જગ્યાએ તેના જામીન રદ કરવા માટે સક્ષમ કોર્ટમાં અરજી કરવી જોઈતી હતી. તેથી ૨૦ જૂન ૨૦૨૪ના અટકાયતાના આદેશ અને ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના કેરળ હાઈકોર્ટના આદેશને રદ કરવામાં આવે છે. નિવારક અટકાયતની સત્તાને બંધારણની કલમ 22(3)(b) હેઠળ માન્યતા છે.



જમ્મુ અને કાશ્મીરના સુંદરબની સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ (IB) અને નિયંત્રણ રેખા (LoC) પર સુરક્ષા મજબૂત બનાવવા માટે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના કર્મચારીઓ ગ્રામ્ય સંરક્ષણ ગાર્ડ્સને તાલીમ આપે છે.

### ઈંગ્લેન્ડ લાયન્સની સામે ચાર દિવસની પ્રેક્ટિસ મેચ

## પ્રેક્ટિસ મેચમાં સ્ટાર બેટ્સમેન કે.એલ.રાહુલે સેન્ચુરી ફટકારી

### ઈન્ડિયા-એ ટીમના કે.એલ.રાહુલે પહેલી ઇનિંગમાં ૧૫ ફોર અને એક સિક્સ ફટકારી ૧૧૬ રન બનાવ્યા છે

। નવી દિલ્હી, તા.૯ ।

ઈંગ્લેન્ડ લાયન્સની સામે બીજા ચાર દિવસની પ્રેક્ટિસ મેચમાં સ્ટાર બેટ્સમેન કે.એલ.રાહુલે સેન્ચુરી ફટકારી છે. નોર્થમ્પ્ટનના કાઉંટી ગ્રાઉન્ડમાં રમાઈ રહેલી આ ટેસ્ટમાં ઈન્ડિયા-એ ટીમના કે.એલ.રાહુલે પહેલી ઈનિંગમાં ૧૫ ફોર અને એક સિક્સ ફટકારી ૧૬૮ બોલમાં ૧૧૬ રન બનાવ્યા છે. ઈન્ડિયા-એની પહેલી ઈનિંગમાં કે.એલ.રાહુલ યશસ્વી જયસ્વાલની સાથે ઓપનિંગ કરવા ઉતર્યા હતા. રાહુલે ઓપનિંગ કરતાં કેપ્ટન અભિમન્યુ ઈશ્વરન પોતાને ત્રીજા નંબર પર ડિમોટ કર્યા. જણાવી દઈએ કે અભિમન્યુ ઈશ્વરન ઈંગ્લેન્ડ લાયન્સ સામે પહેલા ચાર દિવસીય પ્રેક્ટિસ મેચમાં યશસ્વી જયસવાલની સાથે ઓપનિંગની જવાબદારી સંભાળી હતી. કે.એલ. રાહુલે સેન્ચૂરી મારી સ્પષ્ટ કર્યું છે કે તે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં ઓપનરની જવાબદારી સંભાળવા પૂરી રીતે તૈયાર છે.

### સુનિલ ગાવસ્કરે નિશાન સાધ્યું

## કાબેલ નહોતા છતાં પણ અમુક ખેલાડીઓને કરોડો રૂપિયા મળ્યા

### BCCI અને રાજ્ય ક્રિકેટ સંઘોએ ડોમેસ્ટિક ક્રિકેટમાં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓને હજુ વધારે પ્રેરિત કરવા જોઈએ

। નવી દિલ્હી, તા.૯ ।

અગ્રણી ક્રિકેટર સુનીલ ગાવસ્કર IPL 2025માં મોંઘા ભાવે વેચાયેલા ખેલાડીઓ પર સવાલ કર્યો છે. ગાવસ્કરે ખાસ કરીને તે ખેલાડીઓ પર નિશાનો સાધ્યું છે, જેમનું પૂરું ધ્યાન માત્ર IPL પર જ હોય છે અને જેઓ ડોમેસ્ટિક ક્રિકેટ રમવાથી દૂર રહેવા ઈચ્છતા હોય છે. ગાવસ્કર અનુસાર, કાબેલ નહોતા છતાં અમુક ખેલાડીઓને કરોડો રૂપિયા મળ્યા છે. IPLના કરોડોપતિ અનકેપ્ડ પ્લેયર્સ પર એક નજર કરીએ તો, તમને જાણવા મળશે કે તેમાંથી ઘણા ઓછા ખેલાડીઓએ ભારત માટે કંઈક વિશેષ કરવાની કોશિશ કરી છે. તેમનું નસીબ સારું રહ્યું છે, જેના કારણે તેમણે કરોડો રૂપિયા કમાયા છે. પરંતુ હકીકતમાં તેઓ તેને લાયક નથી. આ દલીલ માટે બજાર જવાબદાર છે, તે સાચુ નથી. ગાવસ્કરે સાથે એ પણ લખ્યું કે BCCI અને રાજ્ય ક્રિકેટ સંઘોએ ડોમેસ્ટિક ક્રિકેટમાં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓને હજુ વધારે પ્રેરિત કરવા જોઈએ.

**લગ્ન નોંધણીના નિયમો બદલાયા**

## હવે પંડિત વગર નહીં થાય મેરેજ રજીસ્ટ્રેશન !

### હવે પરિવારની સંમતિ વિના ખાનગીમાં લગ્ન કરવા અને નોંધણી કરાવવી મુશ્કેલ બનશે : યોગી સરકારનો નિર્ણય

। લખનૌ, તા.૦૯ ।

દેશમાં લગ્નની ડુપ્લિકેટ નોંધણીના વધતા જતા કિસ્સાઓ વચ્ચે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે એક મોટો નિર્ણય લીધો છે. યુપીમાં લગ્ન નોંધણીના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. વહીવટીતંત્રે નવી માર્ગદર્શિકા જારી કરી છે, જે શનિવાર એટલે કે ૭ જૂન, ૨૦૨૫થી અમલમાં આવી છે. હવે લગ્નની નોંધણી લગ્ન સ્થળના આધારે નહીં, પરંતુ તે તાલુકાની સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં કરવામાં આવશે જ્યાં કન્યા અને વરરાજા અથવા તેમના માતાપિતા રહે છે. નવા નિયમ હેઠળ, લગ્નની નોંધણી દરમિયાન પરિવારના એક સભ્યનું હાજર રહેવું જરૂરી છે.

જો કોઈ કારણોસર પરિવારનો કોઈ સભ્ય ત્યાં આવી શકતો નથી, તો લગ્ન કરાવનાર પંડિત, મૌલવી અથવા પાદરીએ ઓફિસમાં આવવું પડશે. તેમની જુબાની પછી જ નોંધણી પૂર્ણ કરવામાં આવશે.

એટલું જ નહીં, હવે લગ્નનો વીડિયો પેન ડ્રાઈવમાં સબમિટ કરવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. પહેલા લગ્ન નોંધણી લગ્ન સ્થળના આધારે કરવામાં આવતી હતી, જેના કારણે ડુપ્લિકેટ લગ્ન નોંધણીના કિસ્સાઓ સામે આવતા હતા. સરકારે આ છેતરપિંડી રોકવા માટે આ પગલું ભર્યું છે.

AIG સ્ટેમ્પ પુષ્પેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે નવા નિયમો હેઠળ, અડધા પુરાવા હવે ચાલશે નહીં. લગ્નનો મજબૂત પુરાવો અને પંડિત અથવા સંબંધિત ધાર્મિક ગુરુની જુબાની ફરજિયાત રહેશે. આ ફેરફાર અલ્હાબાદ હાઈકોર્ટના એક આદેશ પછી આવ્યો છે, જે શનિદેવ વિરુદ્ધ યુપી સરકારના કેસમાં આપવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે લગ્ન નોંધણીમાં એક મજબૂત અને ચકાસણીયોગ્ય સિસ્ટમ હોવી જોઈએ. નવા નિયમો ખાનગી લગ્નો અને નકલી નોંધણીઓને અટકાવશે, જે લગ્નની માન્યતા અને પવિત્રતા જાળવી રાખશે. મીડિયા અહેવાલો અનુસાર, આ અંગે સબ-રજિસ્ટ્રારને કડક સૂચનાઓ આપવામાં આવી છે.

### લગ્નેત્તર સંબંધોની આશંકાએ

## પત્નીનું માથું કાપી પતિ પોલીસ સ્ટેશન પહોંચી ગયો!

### આ મામલામાં સૂર્યનગર પોલીસે આરોપીની અટકાયત કરી છે અને ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે

। બેંગલુરુ, તા.૯ ।

પત્નીના લગ્નેતર સંબંધથી પરેશાન યુવકે ક્રૂર રીતે પત્નીની હત્યા કરી દીધી કર્ણાટકના ચંદપુર નજીકના ગામમાં બનેલી ઘટનાથી લોકો હચમચી ગયા એજન્સી, બેંગલુરુ કર્ણાટકના ચંદપુરામાં એક ૨૮ વર્ષીય વ્યક્તિએ શુક્રવારે પોતાની પત્નીની ક્રૂર રીતે હત્યા કરી હતી. પછી પત્નીનું કાપેલું માથું લઈને પતિ ખુદ પોલીસ સ્ટેશન પહોંચી ગયો હતો. પોલીસ સ્ટેશનમાં આ દૃશ્ય જોઈને ઉપસ્થિત લોકો ભયભીત થઈ ગયા હતા. આ મામલામાં સૂર્યનગર પોલીસે આરોપીની અટકાયત કરી છે અને ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના સૂત્રોના કહેવા મુજબ આ ઘટના અનેકલ તાલુકાના ચંદપુરા પાસેના હીલાલીગે ગામની છે. આરોપી શંકર ૨૬ વર્ષીય પોતાની પત્ની માનસાના લગ્નેતર સંબંધોને લઈને પરેશાન હતો. બંનેએ પાંચ વર્ષ પહેલા લગ્ન કર્યા હતા અને તેમને ચાર વર્ષની પુત્રી પણ છે.

### દર્દીને કોઈ પણ સંજોગમાં જલદી હોસ્પિટલમાં પહોંચાડવો જરુરી

## એમ્બ્યુલન્સને રસ્તો નહીં આપવાનું મોંઘું પડ્યું: રૂ.૬૬,૦૦૦નો મેમો

### હિમાચલપ્રદેશમાં સાઈડ ન આપતા પોલીસે પ્રવાસી વાહનો પર કાર્યવાહી કરવા મજબૂર થવું પડ્યું

। નવી દિલ્હી, તા.૯ ।

ઘણીવાર એવું બને છે કે એમ્બ્યુલન્સનું વારંવાર સાયરન કે હોર્ન વાગે છે, પરંતુ લોકો એમ્બ્યુલન્સને રસ્તો આપતા નથી. પરંતુ એમ્બ્યુલન્સને રસ્તો નહીં આપવા પર ભારે દંડ ભરવો પડી શકે છે. હિમાચલપ્રદેશના લાહુલ સ્પિતિમાં ટેમ્પો ટ્રાવેલર અને ફોર્ચ્યુનર પર એમ્બ્યુલન્સને રસ્તો નહીં આપવા પર રૂપિયા ૬૬૦૦૦નો દંડ લગાવવામાં આવ્યો છે. આ મામલો હુર્લિંગ વિસ્તારનો છે. જ્યારે એમ્બ્યુલન્સ એક ગંભીર દર્દીને લઈને કાજાથી રિકાંગપિઓ જઈ રહી હતી. દર્દીને કોઈ પણ સંજોગમાં જલદી હોસ્પિટલમાં પહોંચાડવો જરુરી હતી. એવામાં એમ્બ્યુલન્સના ડ્રાઈવરે સતત હોર્ન વગાડીને સાઈડ માંગવાની કોશિશ કરી, પરંતુ પ્રવાસી નશામાં હતા અને સાઈડ આપતા ન હતા. છેવટે આ પોલીસે આ પ્રવાસી વાહનોની સામે આકરી કાર્યવાહી કરવા મજબૂર થવું પડ્યું હતું.

## પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકની હાલત ગંભીર

### સત્યપાલ મલિક સરકાર પર તેમને ફસાવવાના બહાના શોધી રહી હોવાનો પણ આરોપ લગાવ્યો હતો

। નવી દિલ્હી, તા.૯ ।



જમ્મુ અને કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકને ફરીથીં ઝેંમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત ખૂબ જ ગંભીર બની રહી હોવાનું તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી જાણવા મળ્યું છે. તેમજ તેમણે સરકાર પર તેમને ફસાવવાના બહાના શોધી રહી હોવાનો પણ આરોપ લગાવ્યો છે. સત્યપાલ મલિકે ઠ પર આ અંગે લખ્યું છે કે, હું છેલ્લા લગભગ એક મહિનાથી હોસ્પિટલમાં દાખલ છું અને કિડનીની સમસ્યાથી પીડિત છું. બે દિવસ પહેલા સવારથી હું ઠીક હતો.

**વિશેષ** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભારત ૨૪ ન્યુઝ ચેનલ દ્વારા 'પ્રોગ્રેસિવ ગુજરાત' સમારોહ યોજાયો

# ફાઇનાન્સિયલ ડિસિપ્લિનમાં ગુજરાત નંબર વન છે - મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

### અન્ન, આરોગ્ય અને આવાસ ની કલ્યાણકારી યોજનાઓ થકી ગુજરાતે પ્રધાનમંત્રી શ્રી ના નેતૃત્વમાં જન કલ્યાણકારી વિકાસની નવી પહેલ કરી છે

અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલનીપ્રોત્સાહકઉપસ્થિતિમાંભારત-૨૪ ન્યુઝ ચેનલનાં ત્રણ વર્ષ પૂર્ણ થવા પર 'પ્રોગ્રેસિવ ગુજરાત' સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનારા મહાનુભાવોનેસન્માનિતકરવામાંઆવ્યાહતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ભારત ૨૪ ચેનલના સમગ્ર આયોજનને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ન્યૂ ઈન્ડિયાના વિઝન સાથે સુસંગત ગણાવતાં કહ્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વડાપ્રધાનશ્રીના લક્ષ્ય સાથે કદમતાલ મિલાવીને ગુજરાત પણ શાંતિ, પ્રગતિ અને વિકાસની રાહ પર આગળ વધી રહ્યું છે. તેમણે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતીય સૈન્યએ કરેલા પરાક્રમ બદલ જવાનોના શૌર્યને બિરદાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં આપણી સૈન્ય શક્તિએ કરેલા પરાક્રમથી દેશમાં આંતરિક સુરક્ષા અને સલામતી સાથે શાંતિપૂર્ણ માહોલ છે. જન કલ્યાણકારી યોજનાઓની સફળતા અને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના પરિણામે, પ્રોગ્રેસ થકી આપણે વિશ્વની ચોથી અર્થવ્યવસ્થા બની શકયા છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આખો દશક ગરીબ કલ્યાણનો દશક બની રહ્યો છે.



વડાપ્રધાનશ્રીના કાર્યકાળનાં ૧૧ વર્ષની વિકાસ યાત્રાની અનુભૂતિ જન જનને થઈ છે,સાથે જ મુખ્યમંત્રી શ્રી એ ગઈકાલે થયેલા ચિનાબ રેલ્વે બ્રિજનું લોકાર્પણ અંગે પણ વાત કરી હતી. વર્ષોથી અટકેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યો હવે પૂરા થઈ રહ્યા છે અને સાથે નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ વિકાસ થયો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સૌભાગ્યશાળી છે કે પ્રધાન મંત્રીશ્રીના નેતૃત્વમાં તે અન્ય રાજ્યો માટે વિકાસનું રોલ મોડલ બન્યું છે તથા ગુજરાતના વિકાસની ગતિ પણ બમણી થઈ છે. તેમણે કહ્યું કે ગુજરાતની જીવા દોરી નર્મદા નદીના નીર પણ કચ્છના છેવાડાના ગામ મોડકૂવા સુધી પહોંચ્યા છે, ગુજરાત સૌભાગ્યશાળી છે કે પ્રધાન મંત્રીશ્રીના નેતૃત્વમાં તે અન્ય રાજ્યો માટે વિકાસનું રોલ મોડલ બન્યું છે તથા ગુજરાતના વિકાસની ગતિ પણ બમણી થઈ છે. તેમણે કહ્યું કે ગુજરાતની જીવા દોરી નર્મદા નદીના નીર પણ કચ્છના છેવાડાના ગામ મોડકૂવા સુધી પહોંચ્યા છે, તે પણ પ્રધાનમંત્રીશ્રીના જન સેવાના અને જન કલ્યાણના કાર્યોમાંથી એક છે. અન્ન, આરોગ્ય અને આવાસ ની કલ્યાણકારી યોજનાઓ થકી ગુજરાતે પ્રધાનમંત્રી શ્રી ના નેતૃત્વમાં જન કલ્યાણકારી વિકાસની નવી પહેલ કરી છે. ત્યારે વંદે ભારત જેવી બુલેટ ટ્રેન પણ પ્રધાનમંત્રી કાર્યકાળમાં આપણને મળી છે. આઈકોનિક કેબલ બ્રિજ સુદર્શન સેતુ બનતા બેટ દ્વારકા જવું સરળ બન્યું છે. પ્રવાસનની સાથે ઔદ્યોગિક વિકાસમાં પણ ગતિ બમણી થઈ છે. સાથે જ ફાઈનાન્સિયલ ડિસિપ્લિનમાં પણ ગુજરાત અગ્રેસર છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીને સૂર્યઘર યોજના અંતર્ગત દેશના ત્રણ લાખથી વધુ ઘરોને લાભ મળ્યો હોવાનું જણાવ્યું હતું, સાથે જ આ તકે તેમણે 'એક પેડ મા કે નામ' અંતર્ગત ગુજરાતને મળેલી સફળતા માટે ગૌરવ અનુભવતા 'કેચ ધ રેન', 'ગરીબ કલ્યાણ યોજના', સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત પ્લાસ્ટિક મુક્ત ગુજરાતમાં જોડાવા અપીલ કરી હતી. આ પ્રસંગે ભારત ૨૪ ના સીઈઓ શ્રી ડો. જગદીશચંદ્રાએ પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં જે વિકાસની ગંગા વહી રહી છે, તેના માટે મુખ્યમંત્રી શ્રી ખરેખર આભાર અને પાત્ર છે, સાથે જ તેમણે ઓપરેશન સિંદૂરની સફળતાનો ઉલ્લેખ કરતા ગુજરાતમાં યોજાયેલા ભવ્ય રોડ શો થકી જનતાના ઉત્સાહને પણ આપ આ તકે યાદ કર્યો હતો. સાથે જ તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, અમે જનતા અને સરકાર વચ્ચે ના પુલનું કામ કરીએ છીએ અને કરતા રહીશું. આ કાર્યક્રમમાં સ્ટ્રેટેજિક એડવાઈઝર શ્રી મનોજ જિજ્ઞાસી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી સહિતના મહાનુભાવો અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગરીબ કલ્યાણ યોજના', સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત પ્લાસ્ટિક મુક્ત ગુજરાતમાં જોડાવા અપીલ કરી હતી.

આ પ્રસંગે ભારત ૨૪ ના સીઈઓ શ્રી ડો. જગદીશચંદ્રાએ પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં જે વિકાસની ગંગા વહી રહી છે, તેના માટે મુખ્યમંત્રી શ્રી ખરેખર આભાર અને પાત્ર છે, સાથે જ તેમણે ઓપરેશન સિંદૂરની સફળતાનો ઉલ્લેખ કરતા ગુજરાતમાં યોજાયેલા ભવ્ય રોડ શો થકી જનતાના ઉત્સાહને પણ આપ આ તકે યાદ કર્યો હતો. સાથે જ તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, અમે જનતા અને સરકાર વચ્ચે ના પુલનું કામ કરીએ છીએ અને કરતા રહીશું. આ કાર્યક્રમમાં સ્ટ્રેટેજિક એડવાઈઝર શ્રી મનોજ જિજ્ઞાસી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી સહિતના મહાનુભાવો અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# તંત્રી લેખ...

## ભારતમાં ૧૦ વર્ષમાં અત્યંત ગરીબોની સંખ્યા ૨૭.૧ ટકાથી ઘટીને ૫.૩ ટકા થઈ

વર્લ્ડ બેન્કે તાજેતરમાં તેની ગરીબી રેખા મર્યાદામાં સુધારો કર્યો છે, તેને ઈ૨.૧૫ પ્રતિ દિવસથી વધારીને ઈ૩ પ્રતિ દિવસ કરી છે. આ નવા ધોરણ મુજબ, ભારતમાં અત્યંત ગરીબી રેટમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્લ્ડ બેન્કના ડેટા અનુસાર, ૨૦૧૧-૧૨માં ૨૭.૧%નો અત્યંત ગરીબી રેટ ૨૦૨૨-૨૩માં ઘટીને માત્ર ૫.૩% થયો છે. આનો અર્થ એ થયો કે અત્યંત ગરીબીમાં જીવતી વસ્તી ૩૪૪.૪૭ મિલિયનથી ઘટીને ૭૫.૨૪ મિલિયન થઈ ગઈ છે. વર્લ્ડ બેન્કના ગરીબી અને સમાનતા સંબંધિત સંક્ષિપ્ત વિવરણ (ઈમ) ૧૦૦ થી વધુ વિકાસશીલ દેશોમાં ગરીબી, સહિયારી સમૃદ્ધિ અને અસમાનતાના વલણો વિશે માહિતી આપે છે. વર્લ્ડ બેન્ક અનેં સ્હ્નની વાર્ષિક બેઠકો માટે વર્ષમાં બે વાર આ માહિતી બહાર પાડવામાં આવે છે. આ વિવરણ કોઈ પણ દેશની ગરીબી અને અસમાનતાનું એક સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. આનાથી એ નિશ્ચિત થાય છે કે ગરીબી ઘટાડવી એ વૈશ્વિક પ્રાથમિકતા બની રહે. દરેકઁ ઈમ માં બે પાનાની સમરી હોય છે, જે ગરીબી ઘટાડવાના તાજેતરના વિકાસની સાથે સાથે મુખ્ય વિકાસ સૂચકાંકો વિશે પણ માહિતી પૂરી પાડે છે.

## પાકિસ્તાની મદરેસામાં મુલ્લાઓના ગંદા કામનું કાળું કાવતરું સામે આવ્યું



ઈસ્લામાબાદના એક ચોંકાવનારા અહેવાલે ફરી એકવાર પાકિસ્તાનના મદરેસામાં બાળકો પર થતા જાતીય શોષણના સત્યનો પર્દાફાશ કર્યો છે. ફ્રાન્સની સરકારી બ્રોડકાસ્ટર **France 24**ના અહેવાલમાં જણાવાયું છે કે કેવી રીતે ગરીબ પરિવારોના બાળકોને, જેમને ધાર્મિક શિક્ષણના નામે આ સંસ્થાઓમાં મોકલવામાં આવે છે, ત્યાંના 'મુલ્લાઓ' દ્વારા ક્રૂરતાનો ભોગ બનાવવામાં આવે છે. ૧૪ વર્ષના બાળકે જણાવેલી હકીકત જાણી બધાને હચમચાવી દીધા હતા. ૧૪ વર્ષના બાળકે કહ્યું, ''તે મને તેના ઘરે લઈ ગયો, દરવાજો બંધ કરી દીધો, મારા પાયજામા ઉતારી નાખ્યા... અને પછી જે થયું, તે હું ક્યારેય ભૂલી શકતો નથી.''

**France 24** દ્વારા શેર કરવામાં આવેલી રિપોર્ટમાં ડઝનબંધ બાળકોની દર્દભરી હકીકત સામે આવી છે. તેમની સાથે તે લોકો ખરાબ વર્તન કરી રહ્યા છે, જેમનાથી તેઓ ધાર્મિક શિખ અને ઉપદેશોની શિક્ષાની આશા રાખે છે. તો બીજા એક પીડિત બાળકે જણાવ્યું કે, ''હું તેની સાથે બાઈક પર ગયો હતો. તેણે દરવાજો બંધ કર્યો અને બળજબરીથી મારા કપડાં ઉતાર્યા. હું રડતો રહ્યો, પરંતુ કોઈ મદદ કરવા આવ્યું નહીં.'' આ અહેવાલે આપણને ૨૦૧૭માં સમાચાર એજન્સી એપી દ્વારા કરવામાં આવેલી વિગતવાર તપાસની યાદ અપાવી છે, જેમાં પાકિસ્તાનમાં મદરેસામાં ડઝનબંધ બાળકોના જાતીય શોષણના પુરાવા બહાર આવ્યા હતા. પોલીસ રેકોર્ડ, પીડિતોના ઈન્ટરવ્યુ અને સ્થાનિક સંગઠનોના અહેવાલો દર્શાવે છે કે હકીકતમાં આ સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે. પરંતુ મૌન અને ડર આ સત્યને બહાર આવવા દેતા નથી. પાકિસ્તાનમાં હાલમાં લગભગ ૧૭,૭૩૮ રજિસ્ટર્ડ મદરેસાઓ છે. અહીં ૨૨ લાખથી વધુ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. પરંતુ આમાંની મોટાભાગની સંસ્થાઓ કોઈપણ સરકારી દેખરેખ વ્યવસ્થાની બહાર છે. ત્યાં કોઈ દેખરેખ નથી, કોઈ ફરિયાદ વ્યવસ્થા નથી અને કોઈ સુરક્ષા નથી. મોટી મુશ્કેલી એ છે કે આ બધું એવા દેશમાં થઈ રહ્યું છે જે પોતાને 'ઈસ્લામિક રિપબ્લિક' કહે છે અને જ્યાં ધર્મના નામે કટ્ટરતાને પ્રોત્સાહન આપવામાં આવે છે. પરંતુ જે ધર્મના આડમાં આ બાળકોને ક્રૂરતાનો ભોગ બનાવવામાં આવી રહ્યા છે, તે હવે ઘણા સવાલોના ઘેરામાં છે. આ સમગ્ર અહેવાલનું સૌથી દુઃખદ પાસું એ છે કે જે હાથોમાં પુસ્તકો પકડવા જોઈએ તે ક્રૂરતાથી ભરેલા હતા. અને જે હોઠનો ઉપયોગ પ્રાર્થના માટે થવો જોઈએ તે બાળકોને રડાવવા માટે મજબૂર કરી રહ્યા છે. આ ફક્ત એક દેશનું સંકટ નથી, પરંતુ માનવતાનો સવાલ છે, જેને દરેક ધર્મમાં સર્વોચ્ચ માનવામાં આવે છે. પોલીસ રેકોર્ડ, પીડિતોના ઈન્ટરવ્યુ અને સ્થાનિક સંગઠનોના અહેવાલો દર્શાવે છે કે હકીકતમાં આ સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે. પરંતુ મૌન અને ડર આ સત્યને બહાર આવવા દેતા નથી. પાકિસ્તાનમાં હાલમાં લગભગ ૧૭,૭૩૮ રજિસ્ટર્ડ મદરેસાઓ છે. અહીં ૨૨ લાખથી વધુ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. પરંતુ આમાંની મોટાભાગની સંસ્થાઓ કોઈપણ સરકારી દેખરેખ વ્યવસ્થાની બહાર છે. ત્યાં કોઈ દેખરેખ નથી, કોઈ ફરિયાદ વ્યવસ્થા નથી અને કોઈ સુરક્ષા નથી. મોટી મુશ્કેલી એ છે કે આ બધું એવા દેશમાં થઈ રહ્યું છે જે પોતાને 'ઈસ્લામિક રિપબ્લિક' કહે છે અને જ્યાં ધર્મના નામે કટ્ટરતાને પ્રોત્સાહન આપવામાં આવે છે. પરંતુ જે ધર્મના આડમાં આ બાળકોને ક્રૂરતાનો ભોગ બનાવવામાં આવી રહ્યા છે, તે હવે ઘણા સવાલોના ઘેરામાં છે. આ સમગ્ર અહેવાલનું સૌથી દુઃખદ પાસું એ છે કે જે હાથોમાં પુસ્તકો પકડવા જોઈએ તે ક્રૂરતાથી ભરેલા હતા. અને જે હોઠનો ઉપયોગ પ્રાર્થના માટે થવો જોઈએ તે બાળકોને રડાવવા માટે મજબૂર કરી રહ્યા છે. આ ફક્ત એક દેશનું સંકટ નથી, પરંતુ માનવતાનો સવાલ છે, જેને દરેક ધર્મમાં સર્વોચ્ચ માનવામાં આવે છે.

**એની ઈચ્છા અનિચ્છા જાણવાની કોશિશ કરવી એની પર કોઈ વાત થોપવી નહીં.**

# શ્રીમદ્ ભાગવતમાં પંચ યજ્ઞની વાત છે, અને એમાંના ભૂતયજ્ઞ થકી પ્રકૃતિ સંવર્ધન થઈ શકે છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શ્રીમદ ભાગવતમાં પંચ યજ્ઞની વાત કરવામાં આવી છે. ભૂતયજ્ઞ એ પ્રકૃતિ સંવર્ધન માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃ યજ્ઞ આ પાંચ યજ્ઞ દરેક મનુષ્ય એ રોજ કરવા જોઈએ, એવું આપણાં શ્રીમદ ભાગવતમાં કહ્યું છે, અને આ મુજબ કરવાથી સંસારીની નિત્ય વૈદિક ઉપાસના સિદ્ધ થાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ પર્યાવરણ દિવસ ગયો અને હવે વ્રતનો દિવસો પણ શરૂ થશે.તો આ વખતે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધનનું વ્રત રાખવામાં આવે તો કેવું રહે! વ્રત આપણી સંસ્કૃતિનો એક બહુ મોટો આધાર ગણાતો, પણ આપણી સ્વાદ વૃત્તિએ વ્રતને પણ અભડાવી દીધું એમ કહી શકાય! ખેર આપણે આજે એની પર વાત નથી કરવાની, પણ! પ્રદૂષિત વાતાવરણને કારણે માનવ જાતના અસ્તિત્વ પર ખતરો તોળાઈ રહ્યો છે. સંસ્કૃતિની રીતે પણ આજે હિન્દુને ખુદને હિન્દુ સંસ્કૃતિ વિશે ખબર નથી, સનાતન ધર્મ કોને કહેવાય એ ખબર નથી! ઉપરથી ભારતમાં બિનસાંપ્રદાયિકતાને કારણે અન્ય ધર્મની સંસ્કૃતિઓ કટ્ટરતાને કારણે ઉપર આવી રહી છે, ત્યારે હિન્દુ પોતે હિન્દુ હોવાનો કોઈ ગર્વ અનુભવતો નથી. ઉપરથી ભોગ વિલાસ,કે સ્વાદને નામે કેટલુંય અપનાવી લીધું હોવાથી, યુવાનોમાં નાની ઉંમરથી બીપી ડાયાબિટીસ અને એબોસિટી જેવા રોગ થાય છે. એટલે એમ કહો કે સનાતન ધર્મનું આખું માળખું જ બગડી ગયું છે.પણ વ્રતનાં આ દિવસો દરમિયાન સંસ્કૃતિ કરતાં પણ પ્રકૃતિ સંવર્ધન બહુ જરૂરી છે, એટલે એની પર ચિંતન કરીશું. પ્રકૃતિ સંવર્ધન માટે નિસ્વાર્થ ભાવ કેળવવો પડશે, જેની પ્રેરણા આપણને ખુદ પ્રકૃતિ જ આપે છે!: કે જેની પાસેથી આપણે સતત આટલા વર્ષોથી લીધું છે, પણ આપવાને નામે કંઈ જ આપ્યું નથી. પ્રકૃતિ સન્મુખ થઈને જરા વિચારીએ તો ખબર પડે કે લેણદેણનાં આ યુગમાં વિચારીએ કે કે સૂર્ય મને રોજ પ્રકાશ આપે છે! વનસ્પતિ મને ફળ ફૂલ આપે છે, નદીનાળાં મને પાણી આપે છે, પૃથ્વી મને આશ્રય આપે છે, આકાશ મને છત આપે છે,હવા મને ઓક્સિજન આપે છે, પણ હું એને શું આપું છું? કંઈ એટલે કંઈ જ નહીં! ચાલો માની લઈએ કે આપણી તેને આપવાની કંઈ ઔકાત નથી, એટલે આપણે સૂર્યને શું આપી શકીએ! આપણે હવાને કંઈ આપી શકીએ નહીં, પરંતુ એની શુદ્ધતાનું, એની નિસ્વાર્થતાનું જતન તો કરી શકીએ! વિશ્વનાં બધા ધર્મો કરતા હિન્દુ સનાતન ધર્મ આગળ સૌથી વધુ વૈદિક શાસ્ત્રો છે. શ્રીમદ ભાગવતમાં પંચ યજ્ઞની વાત કરવામાં આવી છે. ભૂતયજ્ઞ એ પ્રકૃતિ સંવર્ધન માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃ યજ્ઞ આ પાંચ યજ્ઞ દરેક મનુષ્ય એ રોજ કરવા જોઈએ, એવું આપણાં શ્રીમદ ભાગવતમાં કહ્યું છે, અને આ મુજબ કરવાથી સંસારીની નિત્ય વૈદિક ઉપાસના સિદ્ધ થાય છે. આપણે માત્ર ભૂતયજ્ઞ કરીને, એટલે કે આવા નાના નાના પ્રયોગ કરીને પ્રકૃતિ સંવર્ધન કંઈ રીતે થઈ શકે છે એ જોઈએ. ભૂતયજ્ઞનો સીધોસાદો અર્થ જીવદયા થાય! આપણે પ્રકૃતિને સૃષ્ટિ રૂપે જોઈએ તો અહીં એક ઉપભોગ અને ઉપભોક્તા જેવી સાયકલનું નિર્માણ થાય છે, એટલે સમગ્ર સૃષ્ટિમાં જે કોઈ જીવ છે, એ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા, કંઈ ને કંઈ અહીંથી જ મેળવે છે, એટલે કે કાળ અને કોળિયાનું આ ચક્ર ચાલતું રહેવું બહુ જરૂરી છે, અને એ રીતે આ સાયકલ ચાલે છે, પણ માનવીને મરવું નથી,અને એટલે ઉંદરને મરવું પડે છે! એટલે કે વૈજ્ઞાનિક શોધનાં પ્રયોગો ઉંદર ઉપર થાય છે, અને જે સંવેદના વિહિન કૃત્ય છે, ખેર છોડો,પણ છે અપરાધ! અને આવાં તો નાનાં મોટા કેટલાય અપરાધ આપણે કર્યા અને હજી શોધને નામે કરતા જ જઈએ છીએ. પણ સાયકલ મુજબ ઉંદર નાના નાના જીવ જંતુ ખાય, તો બિલાડી ઉંદરને અને બિલાડીને કૂતરો ખાય, આમ એક પણ જાતિનો ઉપદ્રવ વધે નહીં, એ માટે આ ચક્ર છે! માનવી પોતાની રીતે આ અન્ય જીવ કે જે સૃષ્ટિ પર આધારિત છે, એને જીવદયાને નામે કંઈ ને કંઈ નીરતો રહે, તો આ શાકાહારીનું ચક્ર પણ ચાલતું રહે, અને તો જ સૃષ્ટિમાં સંતુલન બની રહે. આપણે ત્યાં કીડીયારું પૂરવાનો રીવાજ હતો, ચબૂતરા પર ચણ નાખવામાં આવતું, ગાય કૂતરાની રોટલી નીકળતી, કૂતરી બચ્ચાને જન્મ આપે એટલે એને શીરો આપતા, ગાયને રોજ ઘાસ આપવામાં આવતું,અને એ રીતે આ પ્રાણીઓનાં રહેણાંક આપણી આસપાસ બની રહેતાં, કારણ કે આ પ્રાણીઓનાં મળમૂત્રથી ભૂમિની ફળદ્રુપતા બની રહેતી, માટે એમનું હોવું આવશ્યક છે.અળસિયા પણ જમીનની ફળદ્રુપતા વધારે છે,અને અમુક લોકો એનાં ઉછેર કેન્દ્ર પણ ચલાવે છે. અમુક પંખીની ચરક પણ ઉપયોગી સાબિત થાય છે, અને ગાયનાં છાણ જેવું બીજું કોઈ ઉત્તમ ખાતર નથી! જે જમીનની ફળદ્રુપતા ચાલી ગઈ હોય ત્યાં, એકધારું આ ખાતર નાખવાથી સારા પરિણામ આવે છે. સમયે સમયે જમીનમાં મીઠું નાખવું, દૂધ પાણી કે જે આપણે શંકર અભિષેક માટે વાપરીએ છીએ, એનો પ્રયોગ કરવાથી વીટામીન સી વાળા ફળ વધુ ઉગે છે, આ બધું જમીનને સ્વસ્થ રાખે એવા નાના પ્રયોગ છે, અને જે આપણે કરી શકીએ છીએ. આપણને એમ થાય કે આપણે ક્યાં ખેતી કરવી છે! પણ આ બધું જમીનમાં ઉતરશે તો દિવસે ને દિવસે અંદરથી જે પ્લેટ સરતી જાય છે, અને જેને કારણે ભૂકંપ અને જ્વાળામુખીની શક્યતા વધે છે, એ ઘટશે. જમીનને પુરતું પાણી મળશે તો તાપમાન મેન્ટેઈન થશે, અને એ રીતે વાતાવરણ પણ સંતુલિત રહેશે. એ ઉપરાંત પીપળો, વડ, લીમડો, આંબો, આસોપાલવ, તુલસી બધા વધું ને વધું ઓક્સિજન આપતા વૃક્ષોનું વાવેતર વધારી શકાય! કમસે કમ પાંચ વૃક્ષને પાણી આપવું,એકાદ રખડતા ઢોરને ભોજન આપવું,અને પંખીને ચણ નાખવું, એટલું એક એક વ્યક્તિ કરે તો પણ પ્રકૃતિ સંવર્ધન થાય! બીજું સ્વચ્છતાનો આગ્રહ પણ જરૂરી છે! ગમે ત્યાં કચરો નાખવાથી એક જગ્યાએ કોહવાઈને વાતાવરણમાં કાર્બન મોનોક્સાઈડ તેમજ કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધારે છે એટલે કચરાનો યોગ્ય નિકાલ કરવો, પ્રકૃતિ જન્ય પદાર્થ અને પ્રાકૃતિક સૌંદર્યની જાળવણી કરવી, એટલે કે પર્વત, નદી, ડેમ, વગેરે સ્થળે ફરવા જઈએ ત્યાં કોઈપણ જાતનો કચરો નાખવો નહીં. પ્રકૃતિ એટલે સ્ત્રી અને એ રીતે જોઈએ તો સ્ત્રી એટલે લાગણી અને આ લાગણી થકી જ પ્રકૃતિ હરીભરી રહે છે. સ્ત્રીની આંતરિક પ્રકૃતિને સંતુલનમાં રાખવા એને પ્રેમ આપવો! એટલે કે તેની લાગણીઓને માન આપવું, એની ઈચ્છા અનિચ્છા જાણવાની કોશિશ કરવી એની પર કોઈ વાત થોપવી નહીં. હવે તો દીકરીઓની બાબત સમાજ સુધરતો જાય છે, પણ અમુક વર્ગ હજી પત્ની કે પૂત્રવધૂને એટલું માન સન્માન અને પ્રેમ આપી શકતાં નથી, અને આ લાગણીની તૂટ પ્રકૃતિ રૂપી સ્ત્રીને નિરસ બનાવે છે, ફળદ્રુપતા ઘટાડે છે, અને ક્યારેક વ્યાભિચાર પણ કરાવે છે! જે સૌથી મોટો ખતરો છે, અને જે હવે શરૂ થઈ ચૂક્યો છે. માનવજાતનું અસ્તિત્વ બચાવવું હોયતો બંને રીતે પ્રકૃતિનું સંવર્ધન કરવું ખૂબ જ જરૂરી છે, એટલે કે જ્યાં પંચ મહાભૂત સાક્ષાત છે એ પ્રકૃતિ, અને જે પ્રકૃતિ રુપી સ્ત્રી પંચમહાભૂતને જન્મ આપે છે, એ પ્રકૃતિનું સંવર્ધન અને સંરક્ષણ જરૂરી છે, લાગણી રૂપી ખાતરથી એને પાછી વાળી શકાય તેમ છે. બીજું કંઈ નહીં તો રોજ કંઈક ને કંઈક કોઈને પણ આપીને પછી આપણે ભોગવવું એવું નાનકડું એક વ્રત પણ બધી જ રીતે આપણને ખૂબ જ મદદરૂપ થાય છે, નિત્ય અનુસરવામાં આવે તો સંકલ્પ પણ પૂર્ણ થાય. આપણે સૌ વ્રતની રીતે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધન પૂર્ણ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સત્ય, તપ, પવિત્રતા અને દયા.એચારેનો સરવાળોએ ધર્મ.ધર્મ ત્રણ પગ ઉપર ટકી રહ્યો એટલે તે યુગ નું નામ પડયું**

# સારા કાર્યો કરવાનો એક ફાયદો છે કે કોઈ સન્માન કરે કે ના કરે પણ આપણો અંતરાત્મા જરૂર આપણું સન્માન કરે છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સત્ય ન જઈ શક્યું. તે રહી ગયું એટલે યશ સદાચાર, દાન લક્ષ્મી, પરંત આવ્યાં. સત્ય હોય ત્યાં આ બધા એ આવવું જ પડે. સત્ય વગરની કીર્તિ સદાચાર, દાન. લક્ષ્મી શું કામના. વાચક, ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ગરમીએ કેટલાય વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હોય તેવું લાગે છે**

દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા મન ચંગા તો કથરોટમાં ગંગા,અન્ન તેવા ઓડકાર.શુદ્ધ આચાર હોય તો શુદ્ધ વિચાર આવી શકે છે. જળશુદ્ધિ અને અન્ન શુદ્ધિ રાખવા જોઈએ.પરીક્ષિતના આચાર અતિશુદ્ધ હતા.એટલેકે ધર્મશાસ્ત્ર ની મર્યાદા અનુસાર હતા.તેથી કળિ પુરુષ તેમાં પ્રવેશ કરી શકતો નથી કળિ એ વિચાર્યું કે,પરીક્ષિત કાંઈક પણ પાપ કરે તો તેમાં પ્રવેશ કરવાનું ફાવે રાજાના મનમાં પહેલો પ્રવેશ કરું,તો પ્રજામાં પ્રવેશ મળી શકે. આજે સમાજને સુધારવું અશક્ય જેવું બન્યું છે,પરંતુ વ્યક્તિગત જીવન સુધરી શકે છે.આચાર વિચાર જેના શુદ્ધ હોય તેના ઘરમાં કળિ આવી શકશે નહીં. જેના ઘરમાં નિત્ય શ્રીકૃષ્ણ કીર્તન શ્રી કૃષ્ણની સેવા થતાં હોય તેના ઘરમાં કળિ પ્રવેશ કરી શકતોનથી આચાર ધર્મ જે છોડે છે,તેના વિચાર શુદ્ધ રહેતા નથી. ધર્મએ પિતા છે. ધર્મએ માતા છે. પત્ની પસંદગી હોય,માની પસંદગી હોય નહીં.ધર્મ બદલી ન શકાય. વણાશ્રમ ધર્મનું પાલન કરવાથી આચાર શુદ્ધ બને છે. ગાયની સેવા ખૂબ કરવી.ગાય ઘાસ ખાય છે અને આપે છે દૂધ. ગાયનું દૂધ દોહ્યા પછી ઉકરડા અને શેરી મહોલ્લામાં જાહેર માર્ગ પર ખોરાક શોધતી રખડતી મુકવી એ મહા પાપ છે.ગાય કે કોઈપણ પશુ પક્ષીઓને ઘાસચારો કે ચણ જાહેર માર્ગમાં કે કોઈને તકલીફ પડે તેવા સ્થળે નાખવોએ પુણ્યનું કામ નહી પણ પાપ અપરાધ છે. પૂણ્ય અવશ્ય કરીએ તેનું પાલન કરીને દેશના અનેક ભાગોમાં પંજરાપોળ ગૌશાળાઓ ચાલે છે દાતાઓ અને સરકાર દ્વારા દાન ગ્રાન્ટ મળે છે પણ આજે આપણા રાજ્યની વાત કરીએ તો જાહેર માર્ગો સોસાયટી મહોલ્લાઓમાં જે રીતે ગૌ ગૌવંશ રખડી રહયા છે તે યોગ્ય છે?જરા વિચાર જો તેના માટે કોણ જવાબદાર? જો ભગવાને સંપત્તિ આપી હોય તો ગાય રાખજો જીવમાત્રમાં પરમાત્મા છે,પણ દરેકનું શરીર જુદું છે. કર્મ જુદું છે તેથી દરેકનું પાણી પીવું કે દરેક સાથે ભોજન લેવું ઈષ્ટ નથી. આપણે હમણાં જ ભીમ નિર્જળા એકાદશીની ઉજવણી કરી.એવું કહ્યું છે કે એકાદશીએ અન્ન ન ખવાય.એકાદશીના દિવસે ઉપવાસ કરવોએ ધર્મછે,પણઆપણાં શાસ્ત્રો કહે છેતે આપણે માનતા નથી.મારે આજે તો ઉપવાસ એકટાણું છે સવારે ફ્રુટનો જ્યુસ જ પીધો ને બે કેળાં સફરજન એક વાટકો દૂધ સિવાય કંઈ જ લીધું નથી. બપોરે રાજગરાના લોટનો શીરો, પુરી,મોરૈયો, બટેટા ની સુક્કી ભાજી, વાટકો દહી સિવાય કંઇ જ લીધું નથી.અલ્યા આ તારું એકટાણું ઉપવાસ કરતાં રોજ નિયમિત જે ખાય છે તે ખા. દાક્તર કહે છે કે, ટાઈફોઈડ થયો છે માટે એકવીસ દિવસ અનાજ નહી લેવાય.તો તરત તેનું માનીને ઉપ વાસ કરીએ છીએ.જે શાસ્ત્ર ની મર્યાદા તોડે તેના ઘરમાં કલિ આવે છે.આચાર વિચાર શુદ્ધ હોય તો કલિ તમારામાં પ્રવેશી શકે નહીં. વ્યવહારમાં શુદ્ધિ જોઈએ. સત્ય પૂર્વક વ્યવહાર ન કરે અને પૂનમે પુનમે સત્ય નારાયણની પૂજા-કથા કરે,તો તેથી કાંઈ વળે નહીં. અસત્ય બોલનારની પૂજા ભગવાન સ્વીકારતા નથી. એક દિવસ આશ્ચર્યકારક બનાવ બન્યો. પરીક્ષિત દિગ્વિજય કરી કરતા ફરતા સરસ્વતી નદીનાં કિનારે આવ્યા.ત્યાં ગાય-બળદને એકકાળો પુરુષ લાકડીથી મારતો હતો.ધર્મ એ બળદનું સ્વરૂપ છે. ગાયએ પૃથ્વીનું સ્વરૂપ છે. ગાયની આંખમાંથી આંસુઓ વહી રહ્યાં છે ધર્મરૂપ બળદ તેને દુઃખનું કારણ પૂછે છે. પૃથ્વી કહે છે, શ્રીકૃષ્ણે આ પૃથ્વી ઉપર ની લીલા સંકેલી લીધી. એટલે આ સંસાર પાપમય કળિયુગની કુદૃષ્ટિનો શિકાર બની ગયો છે. ધર્મની મર્યાદાનું બરાબર પાલન કરશો,તો જ્ઞાન આપોઆપ પ્રગટ થશે. ધર્મ ઉપર આરુઢ રહેશો તો જ્ઞાનગંગા આવશે. શિવજી નંદી ઉપર આરુઢ છે,ધર્મ ઉપર આરુઢ છે એટલે તેમને માથે જ્ઞાનગંગા છે. ધર્મના ચાર અંગો મુખ્ય છેઃ સત્ય, તપ, પવિત્રતા અને દયા.એચારેનો સરવાળોએ ધર્મ.ધર્મ ત્રણ પગ ઉપર ટકી રહ્યો એટલે તે યુગ નું નામ પડયું ત્રેતાયુગ ધર્મ બે પગ ઉપર ટકી રહ્યો તે યુગનું નામ દ્વાપર અને એક પગ ઉપર ધર્મ રહ્યો તેનું નામ પડ્યું કળિયુગ. સત્ય એ જ પરમાત્મા છે. સત્ય પરમાત્માથી ભિન્ન નથી.જયાં સત્ય છે ત્યાં જ પરમાત્મા છે. અસત્ય બોલે છે તેના પુણ્યનો ક્ષય થાય છે.સત્ય દ્વારા નર-નારાયણ પાસે જઈ શકાય છે. હિતભાષી,મીતભાષી હોય તે સત્યવાદી બની શકે છે. તપથી કેવળ સુખ ભોગવશો નહીં થોડી તપશ્ચર્યા રોજ કરો. જે દરેક પ્રકારનું લૌકિક સુખ ભોગવે છે, તેના ઉપર પરમાત્મા કૃપા કરતા નથી.દુઃખ સહન કરી પરમાત્માની આરાધના કરો એ તપ.દુઃખ સહન કરી જે પ્રભુ ભજન કરે છે તેશ્રેષ્ઠ લૂલી માર્ગ તે ભૂલીને આપશો નહીં થોડું સહન કરો.ઈન્દ્રિયોનો સ્વામી આત્મા છે.ઈંન્દ્રિય માગે તે તેને આપે તો તે ઈન્દ્રિયનો ગુલામ બને છે.ભગવાનના માટે દુઃખ સહન કરવું કષ્ટ ભોગવવુંએ તપ પવિત્રતા કળિયુગમાં પવિત્રતા રહી નથી. બહારથી બધા પવિત્ર લાગે છે,પણ અંદરથી મિલન થયા છે. કપડાંને પડેલો ડાઘ જશે, કાળજા ને પડેલો ડાઘો જશે નહીં. જીવાત્મા બધું છોડીને જાય છે, ત્યારે પણ મનને સાથે લઈ જાય છે. પૂર્વજન્મનું શરીર રહ્યું નથી પણ મન રહ્યું છે.લોકો અનાજ,વસ્ત્ર, અથાણાં ન બગડે તેની અતિશય કાળજી રાખે છે.પણ મર્યા પછી જે સાથે આવવાનું છે તે મનની કાળજી નથી રાખતા.જેવી રીતે કપડાંને સ્વચ્છ રાખોછો તેમ મનને સ્વચ્છ રાખો.સંસાર વ્યવહારનાં કાર્ય કરતાં માતા જેમ બાળકને સાચવે છે તેમ વ્યવહાર માં કરતાં ઈશ્વરનું અનુસંધાન રાખો ધર્મનું ચોથું અંગ છે દયા.શ્રુતિ એમ કહે છે,કેવળ પોતાના માટે રાંધીને ખાય છે તે અન્ન ખાતો નથી પણ પાપ ખાય છે.ધર્મના ચાર ચરણો માં સત્ય સર્વોપરી છે.લક્ષ્મી ચંચળ છે. અમુક પેઢીએ તો તે જવાની જ. મધ્ય ભારતમાં સત્યદેવ રાજાની કથા આવે છે. એક દિવસ પ્રાતઃકાળે રાજા સત્ય દેવે પોતાના ઘરમાંથી એક સુંદર સ્ત્રીને બહાર નીકળતી જોઈ રાજાને આશ્ચર્ય થયું.તેણે પેલી સ્ત્રીને પૂછ્યું કે, આપ કોણ છો? સ્ત્રીએ જવાબ આપ્યો, મારું નામ લક્ષ્મી.હું તારા ઘરમાંથી જવામાગું છું.રાજાએ કહ્યું,ભલે,આપ જઈ શકો છો. થોડીવારે એક સુંદર પુરુષ ઘર માંથી બહાર નીકળ્યો.પૂછ્યું, આપ કોણ છો? તે પુરુષે જવાબ આપ્યો કે, મારું નામ દાન.લક્ષ્મી અત્રેથી ચાલી ગઈ એટલે તમે દાન ક્યાંથી કરી શકશો? એટલે લક્ષ્મી સાથે હું પણ જાઉંછું.રાજાએકહ્યું ભલે,તમે પણ જઈ શકો છો. થોડીવારે એક ત્રીજો પુરુષ ઘરની બહાર આવ્યો.રાજાએ પૂછયું, તમારું નામ? ત્રીજા પુરુષે જવાબ આપ્યો,મારું નામ સદાચાર. તમારે ત્યાંથી લક્ષ્મી અને દાનગયાં તો હું પણ જાઉં છું.રાજાએ કહ્યું, તમે પણ જઈ શકો છો.ત્યારબાદ એક ચોથો પુરુષ ઘરની બહાર નીકળ્યો .પૂછ્યું,આપ કોણ છો? તે પુરુષે જવાબ આપ્યો મારું નામ યશ છે. તમારે ત્યાંથી લક્ષ્મી, દાન અને સદાચાર ચાલ્યા દેયા, તો અરે ત્રણે વિના હું અત્રે કેવી રીતે રહી શકું? સત્યદેવે કહ્યું ઠીક, આપ પણ જઈ શકો છો તે પછી થોડીવારે એક સુંદર યુવાન પુરુષ બહાર નીકળ્યો.તમે કોણ છો? તમારું નામ શું ?તે પુરુષે જવાબ આપ્યો. મારું નામ સત્ય. તારામાંથી લક્ષ્મી,દાન, સદાચાર, યશ ચાલ્યાં ગયાં,તો હું પણ તેઓ ની સાથે જઈશ. ત્યારે સત્યદેવે કહ્યું કે,મેં તમને કોઈ દિવસ છોડયા નથી.તમે મને શા માટે છોડીને જાવ છો? અને તમારી જ ખાતર તો મેં સઘળાં લક્ષ્મી વગેરે વગેરેનો ત્યાગ કર્યો. તમને હું નહીં જવા દઉં? સત્ય ન જઈ શકયું. તે રહી ગયું એટલે યશ સદાચાર, દાન લક્ષ્મી, પરંત આવ્યાં.સત્ય હોય ત્યાં આ બધા એ આવવું જ પડે. સત્ય વગરની કીર્તિ સદાચાર, દાન. લક્ષ્મી શું કામના. વાચક, ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ગરમીએ કેટલાય વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હોય તેવું લાગે છે ત્યારે આપણે કુદરતને પ્રાર્થના કરીએ કે મેઘરાજા કૃષિ અબોલ જીવોનું રક્ષણ પોષણ થાય તેવી મહેરબાની કરો. બસ અહીં અટકીએ અસ્તુ.

યશપાલસિંહ ટી વાઘેલા
દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

# પૃથ્વી પર ગુરુત્વાકર્ષણને મ્હાત આપતી રોમાંચક અને રહસ્યમય જગ્યાઓ



સદીઓથી આપણે વિજ્ઞાનમાં ભણ્યા છીએ કે પૃથ્વી પર બધી વસ્તુઓ ગુરુત્વાકર્ષણના કારણે ટકી રહે છે. એટલુંજ નહીં બ્રહ્માંડમાં પણ ગ્રહો એકમેક સાથે પોતાના ગુરુત્વાકર્ષણને કારણે નિશ્ર્ચિત સ્થાને ગોઠવાયેલા રહે છે. વિજ્ઞાને એ પણ શોધી કાઢ્યું છે કે સૂર્યમાળાના વિવિધ ગ્રહો ઉપર ગુરુત્વાકર્ષણ વધતું ઓછું હોય છે, પણ પૃથ્વી પર દરેકે ઠેકાણે એક સરખું આકર્ષણ બળ હોય છે.બરાબર ને? તેમ છતાં, પૃથ્વી પર પણ કેટલીક જગ્યાઓ એવી જોવામાં આવી છે જ્યાં ગુરુત્વાકર્ષણ બળના માન્ય સિદ્ધાંતથી વિપરીતઘટનાઓ જોવા મળે છે. ચાલો, જાણીએ પૃથ્વી પર એવી જગ્યાઓ વિશે જ્યાં આપણે ગુરુત્વાકર્ષણ વિરુદ્ધનો અનુભવ કરી શકીએ છીએ. શરૂઆત આપણા દેશથી જ કરીએ. નવાઈ લાગી ને? હા, આપણા દેશમાં પણ એવું સ્થળ છે જ્યાં આપણે વિજ્ઞાનને વિપરીત થતું જોઈ શકીએ. માઉન્ટ અરાગાટાસ, તુર્કીની સરહદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત માઉન્ટ અરાગાટાસ એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયું છે. એવું લાગે છે કે આ નાના વિસ્તારમાં ગુરુત્વાકર્ષણના નિયમો અદશ્ય થઈ ગયા. અહીં નદીનું પાણી નીચેથી ઉપર તરફ વહે છે. જો તમે કારને ન્યુટ્રલ પર મુકો તો કોઈપણ ડ્રાઈવર વિના, આપમેળે તે ઉપર તરફ ચઢવા લાગે છે. જો તમે બોટલને જમીન પર મુકો, તો તે ફરીથી ઉપર તરફ ગબડવા માંડશે. નીચે ચાલવા કરતાં ટેકરી ઉપર ચઢવું સહેલું લાગે છે. અરાગાટ્સના રહસ્ય વિશે ઘણા અનુમાન અને સિદ્ધાંતો છે. આ જગ્યાએ શું થઈ રહ્યું છે અને તે કેવી રીતે શક્ય છે? કેટલાક લોકોમાને છે કે આ ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણ ભંગ થાય છે, જ્યારે અન્ય લોકો માને છે કે અહીં કેટલાક વિશિષ્ટ ચુંબકીય ક્ષેત્રો છે. કેટલાક તો એલિયન્સના અસ્તિત્વ અને આ વિસ્તારમાં યુએફઓના ઉતરાણમાં પણ વિશ્ર્વાસ રાખે છે.

# બ્લડ પ્રેશરથી લઇને ડાયાબિટીસના લોકો માટે છે બેસ્ટ, જાણો જબરજસ્ત ફાયદાઓ

તમે ક્યારે કાળા ટામેટા વિશે સાંભળ્યુ છે? આમ, તમને જણાવી દઈએ કે કાળા ટામેટા ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કાળા ટામેટા તમે રેગ્યુલર ખાવાથી આદત પાડો છો તો હાર્ટ એટેક આવવાનું જોખમ ઓછુ થઈ જાય છે. ભારે કરીઃ ટામેટાના ખેતરમાં ચોર ટોળકીએ રાતે ધાડ પાડી, અઢી લાખનો પાક ઉપાડી ગયાં. ટામેટા વગરનું શાક બનાવવા ગૃહિણીઓ મજબૂર, હદ કરીઃ હવે રાશનની દુકાન પર ટામેટા મળશે, ૬૦ રૂપિયે કિલો ખરીદી શકશો. અનોખો વિરોધઃ કોંગ્રેસના નેતાઓ સૂટકેસ અને બંદૂક લઈને શાકમાર્કેટમાં ટામેટા ખરીદવા પહોંચ્યા.



**Benefits of Black Tomatoes:** તમે આજ સુધી લાલ ટામેટા અને લીલા ટામેટા જોયા હશે અને ખાધા હશે, પરંતુ આજે અમે તમને કાળા ટામેટા વિશે જણાવીશું. લાલ ટામેટા જેમ રસોઈનો ટેસ્ટ વધારે છે એમ કાળા ટામેટા હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. કાળા ટામેટાને અંગ્રેજીમાં રોઝ ટોમેટો કહેવામાં આવે છે. આ ટામેટાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ટામેટા જેનેટિક મ્યૂટેશન દ્વારા બનાવવામાં આવે છે. આ પણ વાંચોઃબાળકને એક્સ્ટ્રા એક્ટિવિટી કરાવો છો? જાણો આ ટામેટા કેટલા રંગ બદલે છે. વાત કરવામાં આવે તો કાળા ટામેટા બાકીના ટામેટાની જેમ ઉગાડવામાં આવે છે, પરંતુ રંગ બદલવાની પક્રિયા બીજા ટામેટાની તુલના કરતા અલગ છે. સૌથી પહેલા આ ટામેટા લીલા રંગના થાય છે, જે ધીરે-ધીરે લાલ અને પછી કાળા થાય છે. તમે જ્યારે આ ટામેટાને કટ કરીને જુઓ છો ત્યારે અંદરનો ભાગ લાલ ટામેટી જેમ લાલ દેખાય છે. જો કે આમાં મળતા પોષક તત્વો લાલ ટામેટાની તુલના કરતા ઘણાં અલગ છે.

બ્લડ પ્રેશર કંટ્રોલમાં કરે, કાળા ટામેટામાં પ્રોટીન, વિટામીન એ, મિનરલ્સ અને બીજા અનેક પ્રકારના એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે વ્યક્તિના બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખવાનું કામ કરે છે. તમને ડાયાબિટીસ છે તો તમે આ ટામેટા ખાવાનું શરૂ કરી દો. આ રામબાણ ઈલાજ છે. આ શરીરમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કાળા ટામેટામાં વિટામીન એ અને વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે, જેનું સેવન કરવાથી આંખોની રોશની વધે છે. કાળા ટામેટા તમારી આંખોને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તમારા ચશ્માના નંબર વધારે છે તો તમે કાળા ટામેટા ખાવાનું શરૂ કરી દો, જે હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે.

કાળા ટામેટા ખાવાથી હાર્ટ એટેક આવવાનું જોખમ ઘટી જાય છે. કાળા ટામેટામાં એન્થોસાઈનિન હોય છે જે હાર્ટ એટેકથી બચાવવામાં મદદ કરે છે.નિયમિત તમે કાળા ટામેટાનું સેવન કરો છો.

# કરણ જોહરે ૫૩ વર્ષની ઉંમરે ચહેરાનો વીમો ઉતરાવ્યો



। મુંબઈ, તા.૯ ।

ફિલ્મ નિર્માતા કરણ જોહર વિશે સમાચાર આવ્યા છે, જે સાંભળીને નવાઈ લાગશે. અભિનેતાએ પોતાના શરીરના એક અંગનો વીમો કરાવ્યો છે,જોવાની ખૂબી અએ છે કે આ કામ તેણે દક્ષિણ કોરિયાથી કરાવ્યું છે.કરણ જોહર પોતાની ફેશન સેન્સને લઈને ઘણી ચર્ચામાં રહે છે. તાજેતરમાં કરણના પ રિવર્તને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. તે પહેલા કરતા ઘણો ફિટ થઈ ગયો છે. એટલું જ નહીં, તેનો પાઉટ પણ ખૂબ પ્રખ્યાત છે અને હવે આ દરમિયાન સમાચાર આવી રહ્યા છે કે કરણે પોતાના ચહેરાનો વીમો કરાવ્યો છે. કરણે દક્ષિણ કોરિયામાં પોતાના ચહેરાનો વીમો કરાવ્યો છે.એક પોસ્ટ વાયરલ થઈ રહી છે જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે કરણ તાજેતરમાં ઘણી વખત ગુપ્ત રીતે દક્ષિણ કોરિયા ગયો છે અને ત્યાં તેણે પોતાના ચહેરાનો વીમો કરાવ્યો છે. આ બધું ત્યાં ટ્રેન્ડ કરી રહ્યું છે. જોકે, કરણ તરફથી આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી અને કરણે કેટલાનો વીમો કરાવ્યો છે તે પણ અપડેટ કરવામાં આવ્યું નથી.જો આ સાચું હોય તો કરણ પહેલો સેલિબ્રિટી નથી જેણે પોતાના શરીરના અંગનો વીમો કરાવ્યો છે. અમિતાભ બચ્ચન, પ્રિયંકા ચોપરા અને જોન અબ્રાહમે પણ પોતાના શરીરના અંગોનો વીમો કરાવ્યો છે.કરણે તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે કોઈપણ દવાને કારણે તેનું વજન ઘટ્યું નથી. તેણે કહ્યું હતું કે, હું હંમેશા સ્થૂળતા સામે સંઘર્ષ કરું છું. મેં ઘણા બધા ડાયેટિંગ કર્યા, ૫૦૦થી વધુ વર્કઆઉટ કર્યા, દરેક પ્રકારના જે તમે વિચારી શકો છો.કરણે જણાવ્યું હતું કે તાજેતરમાં રક્ત પરીક્ષણ કરાવ્યા પછી, જાણવા મળ્યું કે તેને થાઈરોઈડ છે અને તેને ધ્યાન આપવાની જરૂર છે. આ પછી કરણે તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેને ઠીક કરવાનો પ્રયાસ કર્યો. કોઈપણ દવાને કારણે તેનું વજન ઘટ્યું નથી. તેણે કહ્યું હતું કે, હું હંમેશા સ્થૂળતા સામે સંઘર્ષ કરું છું. મેં ઘણા બધા ડાયેટિંગ કર્યા, ૫૦૦થી વધુ વર્કઆઉટ કર્યા, દરેક પ્રકારના જે તમે વિચારી શકો છો.કરણે જણાવ્યું હતું કે તાજેતરમાં રક્ત પરીક્ષણ કરાવ્યા પછી, જાણવા મળ્યું કે તેને થાઈરોઈડ છે અને તેને ધ્યાન આપવાની જરૂર છે. આ પછી કરણે તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેને ઠીક કરવાનો પ્રયાસ કર્યો.

# કબર સાથે ચંદ્ર પર આવેલા છે આટલા રહસ્યો, જાણો છો?

આજે આપણી પૃથ્વી વૈશ્વિક અર્થવ્યવસ્થાને વિસ્તારવા અને વિશ્વની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ નથી. આવી સ્થિતિમાં હવે દુનિયાની નજર પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશ તરફ જઈ રહી છે. અવકાશ હવે એવું માધ્યમ બની રહ્યું છે કે જ્યાંથી પૃથ્વીની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરી શકાય. જેના કારણે આવનારા દિવસોમાં અવકાશ કોલોનાઈઝેશન, એસ્ટરોઈડ માઈનિંગ અને સ્પેસ ટુરિઝમની દિશામાં અનેક નવા આયામો ખુલવા જઇ રહ્યા છે. આવી સ્થિતિમાં સ્પેસ



લોજિસ્ટિક્સ, સેટેલાઈટ અને માનવ પ્રક્ષેપણના ક્ષેત્રમાં ભવિષ્યમાં અબજો ડોલરનું મોટું બજાર આકાર લે તો નવાઈ નહીં. ભવિષ્યના આ ધબકારને જોઈને આપણું ઈસરો પણ પાછળ નથી. આજે ઈસરોની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ અવકાશ એજન્સીઓમાં થાય છે. મંગલયાન, ચંદ્રયાન જેવા અનેક સફળ મિશન પાર પાડ્યા બાદ ઈસરો હવે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈસરો આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન ૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો ચંદ્રયાન ૩ લેન્ડર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરે છે.તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. ચંદ્ર હંમેશા આપણા માટે ઉત્સુકતાનું કેન્દ્ર રહ્યો છે.

## BOLLYWOOD NEWS FLASH

# સામન્થાએ નાગા ચૈતન્યની છેલ્લી નિશાની ભૂંસી નાખી



। મુંબઈ, તા.૯ ।

નાગા ચૈતન્ય સાથેના છૂટાછેડા પછી, સામન્થાનું નામ ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથેના તેના અફેર માટે સમાચારમાં છે. તેઓ સાથે ફોટા પણ શેર કરતા રહે છે. રાજ સાથેના તેના સંબંધોના અહેવાલો વચ્ચે, સામન્થાએ હવે નાગા ચૈતન્યની છેલ્લી અને ખાસ નિશાની ભૂંસી નાખી છે.સમન્થા રૂથ પ્રભુ દક્ષિણની ટોચની અભિનેત્રીઓમાંની એક છે. સામન્થાએ તેના ફિલ્મી કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. વ્યાવસાયિક જીવનની સાથે, સામન્થા કેટલાક દિવસોથી તેના અંગત જીવનને કારણે પણ હેડલાઈન્સમાં રહી છે. નાગા ચૈતન્ય સાથેના છૂટાછેડા પ છી, હવે તેનું નામ ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથેના તેના અફેરને કારણે સમાચારમાં છે.સમન્થા રૂથ પ્રભુએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં, સામન્થા ખૂબ જ સ્ટાઈલિશ ફુલ અને બેક ડીપ નેક ડ્રેસ પહેરેલી જોવા મળે છે. આ વીડિયોમાં સામન્થા કેમેરા સામે 'છુપાવવા જેવું કંઈ નથી' કહે છે. આ પછી, તે પાછળ ફરતાની સાથે જ બધાની નજર તેની પીઠ પર પડે છે. અભિનેત્રીની પીઠ પ રથી વાયએમસી નામનું ટેટૂ ગાયબ છે. આ ટેટૂ ૨૦૧૦ માં આવેલી તેની ડેબ્યૂ ફિલ્મ યે માયા ચેસાવેનું હતું.

# પરિવારના માર્ગદર્શન મુજબ શ્રદ્ધા કપૂર રોલ પસંદ કરે છે

## માસી પદ્મિની કોલ્હાપુરે શ્રદ્ધાની સિલેક્શન પ્રોસેસ અંગે વાત કરી

## શ્રદ્ધાનું ફેમિલી બેકગ્રાઉન્ડ ફિલ્મી છે અને તેના કારણે રોલ પસંદ કરતા પહેલા તે પરિવારના સભ્યોનું માર્ગદર્શન લેવાનું પસંદ કરે છે

। મુંબઈ, તા.૯ ।

નવી પેઢીના ફિલ્મ સ્ટાર્સમાં શ્રદ્ધા કપૂરનું નામ મોખરે આવે છે. શ્રદ્ધાની સફળતામાં તેના ફિલ્મ સિલેક્શનનો મહત્ત્વનો ફાળો છે. શ્રદ્ધાનું ફેમિલી બેકગ્રાઉન્ડ ફિલ્મી છે અને તેના કારણે રોલ પસંદ કરતા પહેલા તે પરિવારના સભ્યોનું માર્ગદર્શન લેવાનું પસંદ કરે છે. નવા પ્રોજેક્ટની ઓફર આવે તો શ્રદ્ધા આ અંગે પોતાની માતા શિવાંગી કોલ્હાપુરે, બહેન તેજસ્વીની, પિતા શક્તિ કપૂર અને માસી પ દ્મિની કોલ્હાપુરે પાસે સલાહ માગે છે. શક્તિ કપૂર અને પદ્મિની કોલ્હાપુરે વીતેલા જમાનાના જાણીતા એક્ટર્સ છે. પદ્મિનીએ જણાવ્યું હતું કે, તે પરિવાર



સાથે દરેક બાબતની ચર્ચા કરે છે. અમે બાદમાં તેને અમારો દૃષ્ટિકોણ કહીએ છીએ. મોકળા મને વાતચીતના કારણે શ્રદ્ધાને દરેક પ્રોજેક્ટના સારા-નરસા પાસા અંગે સમજણ વિકસે છે. દરેક વ્યક્તિનું માર્ગદર્શન મેળવ્યા પછી શ્રદ્ધા પોતાની જાતે નિર્ણય લેતી હોય છે. ભારતીય સિનેમામાં કપૂર-કોલ્હાપુરે પરિવારનો વારસો ઘણો સમૃદ્ધ છે. તેની માતા શિવાંગી પણ પૂર્વ એક્ટર છે, જેના કારણે શ્રદ્ધાને સમજણ વિકસાવવામાં મદદ મળે છે. શ્રદ્ધાની સફળ ફિલ્મોમાં આશિકી ૨, સ્ત્રી અને તુ જૂઠી મૈં મક્કારનો સમાવેશ થાય છે. શ્રદ્ધાએ મસાલા ફિલ્મોની સાથે અર્થસભર સ્ટોરી ધરાવતા પ્રોજક્ટ પણ પસંદ કર્યા છે, જેના કારણે તેની કરિયરમાં સંતુલન જોવા મળે છે. શ્રદ્ધાની સફળ ફિલ્મોમાં આશિકી ૨, સ્ત્રી અને તુ જૂઠી મૈં મક્કારનો સમાવેશ થાય છે. શ્રદ્ધાએ મસાલા ફિલ્મોની સાથે અર્થસભર સ્ટોરી ધરાવતા પ્રોજક્ટ પણ પસંદ કર્યા છે, જેના કારણે તેની કરિયરમાં સંતુલન જોવા મળે છે.

## દર્શકોને ક્રિકેટરો સાથેના પાછલા એપિસોડ ખૂબ ગમ્યા છે, હવે આ વખતે આ ક્રિકેટરો સાથે ખૂબ મજા થવાની છે

# કપિલ શર્માની નવી સીઝનમાં અર્ચનાનું સ્થાન સિદ્ધુ લે તેવી ચર્ચા

। મુંબઈ, તા.૯ ।

ધ કપિલ શર્મા શો ટૂંક સમયમાં નેટફ્લિક્સ પર પાછો ફરવા જઈ રહ્યો છે. આ શોનો એક એપિસોડ શૂટ કરવામાં આવ્યો છે જેમાં ક્રિકેટરો ગૌતમ ગંભીર, ઋષભ પંત, અભિષેક શર્મા, યુઝવેન્દ્ર ચહલ અને નવજોત સિંહ સિદ્ધુએ ભાગ લીધો હતો.અભિનેતા-હાસ્ય કલાકાર કપિલ શર્માએ તેમના શોની ત્રીજી સીઝનની જાહેરાત કરી છે. આ શો આ મહિને નેટફ્લિક્સ પર પ્રીમિયર થવા જઈ રહ્યો છે. હવે શોના એક ખાસ એપિસોડ વિશે માહિતી સામે આવી છે. એક એપિસોડ માટે ક્રિકેટ જગતના મોટા સ્ટાર્સે ભેગા થઈને કપિલના શો માટે શૂટિંગ કર્યું છે. આ એપિસોડમાં દેખાતા ક્રિકેટરોની એક તસવીર સોશિયલ મીડિયા પર સામે આવી છે. ખ ા સ વાત એ છે કે નવજોત સિંહ સિદ્ધુ આ એપિસોડ સાથે કમબેક કરી રહ્યા છે.જેની સાથે ચર્ચા ચાલી રહી છે કે બની શકે કે હવે અર્ચનાની જગ્યા સિદ્ધુ લે.કપિલ શર્માની નવી સીઝનના એક એપિસોડમાં અર્ચના પૂરણ સિંહની જગ્યાએ ક્રિકેટર ગૌતમ ગંભીર, ઋષભ પંત, અભિષેક શર્મા, યુઝવેન્દ્ર ચહલ અને નવજોત સિંહ સિદ્ધુ જોવા મળશે.



# હાઉસફુલ ૫ સાથે અક્ષય કુમારના નસીબનું તાળુ ખૂલવાની શરૂઆત થઈ?

। મુંબઈ, તા.૯ ।

એક સમયે ફિલ્મની સફળતાની ગેરંટી મનાતા અક્ષય કુમારને છેલ્લા કેટલાક વર્ષોથી ખરાબ તબક્કાનો સામનો કરી રહ્યા છે. અક્ષયની ફિલ્મોને નબળો રિસ્પોસન્સ મળવા છતાં ફિલ્મમેકર્સનો ભરોસો અકબંધ રહ્યો છે. અક્ષય કુમારની લેટેસ્ટ રિલીઝ હાઉસફુલ ૫ને પ્રથમ દિવસે મળેલા રિસ્પોન્સને જોતાં વર્ષો બાદ અક્ષયના નામે હિટ નોંધાય તેવી શક્યતા છે. આ ફિલ્મ અક્ષય કુમારના નસીબનું બંધ પડેલું તાળુ ખોલવામાં કેટલી સફળ રહે છે તે જોવું રહ્યું. હાઉસફુલ ૫ને રિલીઝના પ્રથમ દિવસે જ બોક્સઓફિસ પર મોટી ઊડાન મળી છે. ઓપનિંગ ડે પર આ ફિલ્મે રૂ.૨૪.૩૫ કરોડનું કલેક્શન મેળવ્યું છે. હાઉસફુલ ફ્રેન્ચાઈઝીના ૧૫ વર્ષના ઈતિહાસમાં પહેલા દિવસે સૌથી વધુ કલેક્શન મેળવનારી આ ફિલ્મ બની છે. તરુણ મનસુખાણીના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને સાજિદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કરી છે. તેમાં અક્ષય કુમારની સાથે રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન, નરગિસ ફખરી, જેકલીન ફર્નાન્ડિઝ, ચિત્રાંગદા સિંગ, ફરદીન ખાન, ડીનો મોરિયા સહિત ઘણાં જાણીતા કલાકારો છે. 'હાઉસફુલ' ફ્રેન્ચાઈઝીની સિગ્નેચર સ્ટાઈલમાં કોમેડી અને ધમાલનું વાવાઝોડું લાવતી આ ફિલ્મ ઓડિયન્સને પસંદ આવી છે. આ મલ્ટિસ્ટાર ફિલ્મના પ્રમોશનમાં પણ કોઈ કસર રખાઈ ન હોતી. હવે ફિલ્મની સફળતાનો મદાર માઉથ પબ્લિસિટી અને ઓડિયન્સ રીવ્ય પર રહેલો છે. જો કે 'હાઉસફુલ' ફ્રેન્ચાઈઝની વાત કરીએ તો અત્યાર સુધીની સૌથી વધુ સફળ ફિલ્મ આ છે. ૨૦૧૦માં 'હાઉસફુલ'ને પહેલા દિવસે રૂ.૧૦ કરોડનું કલેક્શન મળ્યું હતું. ત્યારબાદ આવેલી 'હાઉસફુલ ૨' અને 'હાઉસફુલ ૩'ને અનુક્રમે રૂ.૧૪ અને ૧૫.૨૧ કરોડનું કલેક્શન મળ્યું હતું.

## હિમાલય દાસાણીએ ભાગ્યશ્રીને પ્રપોઝ કર્યું, જેનાથી તેણી આશ્ચર્યચકિત થઇ ગઇ અને તેણીએ તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તસવીરો શેર કરી

# ભાગ્યશ્રીના પતિએ લગ્નના ૩૫ વર્ષ પછી ઘૂંટણિયે બેસીને પ્રપોઝ કર્યુ

। મુંબઈ, તા.૯ ।

ભાગ્યશ્રીને આશ્ચર્ય થયું જ્યારે તેના પતિ હિમાલય દાસાણીએ ૩૫ વર્ષ પછી અચાનક તેણીને પ્રપોઝ કર્યું. ભાગ્યશ્રીએ અગાઉ એવી ફરિયાદ કરી હતી કે હિમાલયે તેણીને ક્યારેય પ્રપોઝ કર્યું નથી. ભાગ્યશ્રી અને હિમાલયના લગ્નને ૩૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે, અને અભિનેત્રીના પતિએ તેણીને આશ્ચર્યચકિત કરવાનું નક્કી કર્યું.હિમાલય દાસાણીએ ભાગ્યશ્રીને ઘૂંટણિયે બેસીને પ્રપોઝ કર્યું, જેનાથી તેણી આશ્ચર્યચકિત થઈ ગઈ અને તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તસવીરો શેર કરી. આ સાથે, તેણીએ તેના પતિના રોમેન્ટિક પ્રપોઝલ વિશે પણ જણાવ્યું. તેણીની પોસ્ટ પર ચાહકો તરફથી પ્રેમાળ ટિપ્પણીઓ મળી રહી છે.અભિનેત્રી ભાગ્યશ્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું, 'રહસ્ય ખુલી ગયું છે. હિમાલયજી રોમેન્ટિક પતિ હોવા વિશે બધા શું વિચારે છે તે મહત્વનું નથી.. તે પહેલા આવા નહોતા અને હું તેમને કહેતી રહી કે તેમણે ક્યારેય મને પ્રપોઝ કર્યું નથી. તો અહીં હું એક ફોટોશૂટની વચ્ચે હતી.



ગુજરાતના સુપ્રસિદ્ધ ગુજરાતી લહેરી લાલાના સુંદર પ્રદર્શન પર સહુ મહેમાનો ખુશ થઈ ઇનામો આપ્યા

# ઝાલોદ એ.પી.એમ.સી ખાતે ઘી પંચમહાલ કો.ઓ.બેંક લીનુ ગુજરાત વિધાનસભા ઉપાધ્યાય જેઠાભાઈ આહીરના હસ્તે નવીન ભવનનુ ઉદ્ઘાટન સમારોહ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

૦૮-૦૬-૨૦૨૫ રવિવારના રોજ ઘી પંચમહાલ કો.ઓ.બેંક લિ ના નવીન ભવનના ઉદ્ઘાટન પ્રસંગે ઝાલોદ એ.પી. એમ.સી ખાતે આજના સમારંભના અધ્યક્ષ તેમજ વિધાનસભા ઉપાધ્યક્ષ , પી.ડી.સી બેંક લિ ગોધરા ચેરમેન , ઘી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી ચેરમેન, નાફેડ ન્યુ દિલ્હીના ચેરમેન જેઠાભાઈ આહીર (ભરવાડ) વિશેષ ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે આવેલ વિશેષ ઉપસ્થિત મહેમાનોનુ સ્વાગત આદિવાસી ઢોલકુંડી થી કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મુખ્ય અતિથિ જેઠ-ાભાઈ ભરવાડ દ્વારા બેંકના નવીન ભવનની તકતી ખુલ્લી મૂકી તેમજ પૂજા અર્ચન કરી રીબીન કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આજના બેંકના નવીન ભવનનુ ઉદ્ઘાટન પ્રસંગે આવેલ મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી સમારંભની શરૂઆત કરવામાં આવી હતી. સમારંભ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ દ્વારા મહેમાનોનુ સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત મહેમાનોનુ સ્વાગત આદિવાસી સંસ્કૃતિ મુજબ માથે ફેંટો, બંડી તેમજ ભોયરુ પહેરાવી ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આજના નવીન ભવનના ઉદ્ઘાટન પ્રસંગે નગરના લોકો દ્વારા બેંકની પ્રગતિ માટે ફિક્સ ડિપોઝિટ મૂકી હતી. પી.ડી.સી બેંકની સ્થાપના ૧૯૫૮ મા કરવામાં આવી હતી. આ બેંકના ચેરમેન જેઠાભાઈ ભરવાડ ૨૦૧૮ થી બન્યા ત્યારથી બેંક સતત પ્રગતિ કરી રહેલ છે. દાહોદ જિલ્લામાં પી.ડી.સી બેંકની કુલ ૧૫ શાખા આવેલ છે. ઝાલોદ તાલુકામા ઝાલોદ અને લીમડી બેંકની સતત પ્રગતિની રૂપરેખા ધારાસભ્ય મહેશ ભૂરીયા એ રજૂ કરેલ હતી.ઝાલોદ પી.ડી.સી બેંકમા કુલ ૨૫૦૦૦ જેટલા સભાસદ છે જેઓએ બેંકમા વિશ્વાસ મૂકી બેંકની પ્રગતિમા કામગીરી કરેલ છે. ઝાલોદ પી.ડી.સી બેંક ખેડૂતો તેમજ આદિવાસી સમાજના લોકોની પ્રગતિ માટે કામગીરી કરતી બેંક છે. સંસદ જસવંતસિંહ ભાભોર એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારની વિવિધ વિકાસની કામગીરી તેમજ બેંકના વિકાસ માટેની માહિતી આપી હતી. પીચ.ડી.સી બેંકના ચેરમેન જેઠાભાઈ ભરવાડ દ્વારા આ વિસ્તારના તમામ લોકોને પી.ડી.સી બેંક સાથે જોડાવવા અનુરોધ કય-ર્ાે હતો. આ બેંક સભાસદો દ્વારા ચાલતી બેંક છે તેથી તમામ સભાસદો બેંકના માલિક છે. હવે થી આ બેંકમા ખાતું ધરાવનાર લોકોને ૧૫% ના દરે વ્યાજ આપવામા આવનાર છે. તેમજ સરકારના પરિપત્રમા આવતી તમામ સરકારી લાભો તેમજ નિયમો મુજબ સરકારી ધારા ધોરણ પ્રમાણે 0% વ્યાજે બેંક લોન પણ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું. આજના શુભ દિને વિવિધ લાભાર્થીઓને બેંક દ્વારા લાભ આપી ચેક વિતરણ કરવામાં આવ્યો હતો.

# પોલીસે કર્યો મોટો ખુલાસો, ગુજરાત હાઈકોર્ટને મળી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૯।

ગૂજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઈમેઈલ કરી બોમ્બથી ઉડ-ાવી દેવાની ધમકી આપી હતી. હાઈકોર્ટના રજિસ્ટરના મેઈલ આઈડી પર મેઈલ આવ્યો હતો. જેના બાદ આજે સવારે ઈમેઈલ આવતા પોલીસ દ્વારા સમગ્ર કેમ્પસમાં તપાસ હાથ ધરાઈ. સોલ પોલીસ, બીડીડીએસ સ્કોડ હા-ઈકોર્ટ પહોંચી હતી. જોકે, તપાસમાં કંઈ મળ્યું ન હતું. બોમ્બની ધમકીના પગલે હાઈકોર્ટે સંકુલમાં રહેલ તમામ કોર્ટની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી હતી. ધમકીભર્યો ઈ-મેલ મળતા ડોગ સ્કવોડ-બોમ્બ સ્કવોડે હોસ્ટેલ કેમ્પ સમાં ચેકિંગ શરૂ કર્યું હતું. રિસેસ બાદ કોર્ટ બંધ કરી દેવાઈ હતી. એટલું જ નહિ, કોર્ટમાં રહેલા લોકો સલામત રીતે બહાર નીકળવા લાગ્યા હતા. બહાર નીકળવા વકીલોની ગાડીઓની લાઈન લાગી હતી. ઈન્ચાર્જ ડીસીપી (ઝોન ૧) સફીન હસને માહિતી આપતા જણાવ્યું કે, ગુજરાત હાઈકોર્ટને સવારે ૧૦.૪૫ કલાકે મેઈલ મળ્યો હતો. જેમાં સાંજે આઈડી બોમ્બથી કોર્ટને ઉડ-ાવાની ધમકી હતી. જેના પગલે હાઈકોર્ટે કલેક્ટર અને પોલીસ કમિશનરને જાણ કરી હતી. મેલને ધ્યાને લઈ હાઈકોર્ટની બપોરે ૧.૩૦ વાગ્યા બાદની કાર્યવાહી. મોકુફ રાખવામાં આવી હતી. સ્થાનિક પોલીસ અને બીડીડીએસની કુલ છ ટીમે તપાસ હાથ ધરી છે. હજુ કંઈ વાંધા જનક મળ્યું નથી. ડીવાયએસપી કક્ષાના અધિકારી ને હાઈ કોર્ટની સુરક્ષા માટે નિમણુક કરાયા છે. એસઆર પીની બે કંપનીને પણ રાખવામાં આવી છે. કયા આઈડીથી મેલ આવ્યો તે તપાસ માટે ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને તપાસ ચાલુ છે. અમારા ધ્યાને સુરક્ષાની જે પણ ત્રુટી સામે આવી છે તેનાથી અમે કોર્ટને અવગત કરેલા છે. આ ધમકીભર્યા ઈ-મેલની જાણ થતાં જ હાઈકોર્ટના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે અને સુરક્ષ-ાને ધ્યાને રાખીને પરિસરની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે હાઈકોર્ટના આખા વિસ્તારમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી ચેકિંગ શરૂ કર્યું છે. કોર્ટમાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, સાયબર ક્રાઈમ શાખા ઈ-મેલના સ્રોત અને તેની પાછળના ઈરાદાને શોધવા માટે ટેકનિકલ તપાસ કરી રહી છે.

# ઝાલોદ તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં છેલ્લા દિવસે ફોર્મ ભરવા ધસારો : નગરમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ તાલુકામાં આજરોજ ૦૮-૦૬-૨૦૨૫ સોમવારના રોજ ગ્રામ પંચાયત તેમજ વોર્ડ સભ્યોની ચૂંટણી અંગે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી તાલુકા પંચાયત તેમજ મામલતદાર કચેરી ખાતે મોટા પ્રમાણમાં ભીડ જોવા મળી હતી. ગ્રામ પંચાયતની ચૂંટણી સંદર્ભે દરેક ઉમેદવારો પોતાના સમર્થકો તેમજ ગ્રામ્ય શૈલીમા ઢોલ કુંડી સાથે વાજતે ગાજતે ફોર્મ ભરવા આવ્યા હતા. આજે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી મોટા પ્રમાણમાં ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ફોર્મ ભરવા આવતા ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ચૂંટણી સંદર્ભે અંદાજીત ૩૦૦૦ થી વધુ ફોર્મ ઉમેદવારો અને સભ્યો તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી ખાતેથી વિતરણ કરવામાં આવ્યા હતા. ૭૨ ગ્રામ પંચાયતમા ૧૪ ચૂંટ-ણી અધિકારીની નિમણુંક કરવામાં આવી હતી જેમાં તાલુકા પંચાયતમા ૯ અને મામલતદાર કચેરીમાં ૫ ચૂંટણી અધિકારી નિમવામાં આવેલ હતા. ૭૨ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૩૦ મહિલા અનામત અને ૪૨ પુરુષો માટે સરપંચની ઉમેદવારી માટે ફોર્મ ભરવામા આવ્યા હતા.

જાણવા મળેલ સૂત્રો મુજબ સાત જેટલી ગ્રામ પંચાયત સમરસ થયેલ છે આ માહિતી સત્તાવાર મળેલ નથી પરંતુ આ માહિતી ગ્રામજનો દ્વારા મૌખિક આપેલ છે જેથી સત્તાવાર માહિતી મળ્યા બાદ જ આ ગ્રામ પંચાયત સમરસ ગણવામાં આવશે. છેલ્લા દિવસે કુલ ૬૭ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૩૪૯ સરપંચોના ફોર્મ અને ૧૩૪૯ સભ્યોના ફોર્મ ભરાયા તેમજ પાંચ પેટા ચૂંટણી માટે ત્રણ સરપંચ અને છ સભ્યોના ફોર્મ ભરાયા હતા કુલ ૭૨ ગ્રામ પંચાયત માટે ૩૫૨ સરપંચના ફોર્મ તેમજ ૧૩૫૫ ફોર્મ ભરાયેલ હતા.

### આણંદ નજીક આવેલા જીટોડીયા ગામ

# ચાવડાપુરાની પરિણીતા પર ઘરકામ તેમજ દહેજની માંગ કરીને ત્રાસ ગુજારાતા ફરિયાદ

। (પ્રતિનિધી) આણંદ,તા.૯ ।

આણંદ નજીક આવેલા જીટોડીયા ગામના ચાવડાપુરાની મેરીલેન્ડ સોસાયટીમાં રહેતી મુળ ચીખોદરાની એક પરિણીતાના લગ્નના છ મહિના બાદથી જ પતિ, સાસુ-સસરા અને જેઠ દ્વારા ઘરકામ તેમજ દહેજની માંગણી કરીને શારીરીક તેમજ માનસિક ત્રાસ ગુજારતા આણંદના મહિલા પોલીસે ચારેય વિરૂધ્ધ ગુનો દાખલ કરીને તપાસ હાથ ઘરી છે. પરિણીતાએ સસરા દ્વારા એકલતાનો લાભ લઈને જાતીય હુમલો કર્યાનો પણ આક્ષેપ કર્યો હતો. ફરિયાદી અનિતાબેન સેમ્યુલભાઈ મેકવાનના લગ્ન ગત તારીખ ૧૨-૧૧-૧૮ના રોજ મુળ વલાસણના પરંતુ હાલમાં ચાવડાપુરા ખાતે રહેતા જસ્ટીન પીટરભાઈ મેકવાન સાથે થયા હતા. શરૂના છ મહિના લગ્નજીવન સુખરૂપ ચાલ્યું હતુ. ત્યારબાદ સાસુ માર્થઆબેન અને સસરા પીટરભાઈ દ્વારા તેણીને ઘરના કામકાજ બાબતે હેરાન પરેશાન કરવાનું ચાલુ કરી દીધું હતુ. તેણી શિક્ષકા તરીકે નોકરી કરતી હોય, જે પગાર આવતો તે પતિના કહેવાથી સાસુને આપી દેતી હતી. તેણીને પૈસાની જરૂરત પડતા સાસુ પાસે માંગણી કરવા છતાં પણ આપતા નહોતા. જો કે તેણીને સારા દિવસો રહેતા આ ત્રાસ મુંગા મોઢે સહન કરવાનુ ચાલુ કરી દીધું હતુ. પતિ અને સાસુ-સસરા દ્વારા અવાર-નવાર પિયરમાંથી રૂપિયા લઈ આવવાનું દબાણ કરવામાં આવતું હતુ.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા મુવાડા રામદેવજી મંદિર પાછળ નવીન પુલની કામગીરી હાથ ધરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ મુવાડા રામદેવજી મંદિર પાછળ મુવાડા અને માળીની વાડી થઈ મુખ્ય રસ્તાને જોડતા નવીન પુલ બનાવવા માટે કેટલાય સમયથી લોકો દ્વારા માંગ કરવામાં આવી રહેલ હતી. ભાજપની નવીન કારોબારી રચાતા જન સુવિધા માટેની લોકોની આ માંગણી પુરી કરવા માટે કટિબદ્ધતા દાખવી ૦૭-૦૬-૨૦૨૫ ના રોજ થી આ કામગીરી કરવા માટે શુભ આરંભ કરવામાં આવ્યો હતો. ઝાલોદ નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના અંતર્ગત ચાલીસ લાખના ખર્ચે આ નવીન પુલ બનાવવામાં આવનાર છે.

# ઝાલોદ તાલુકાના કારઠ ગામ નજીકથી લીમડી પોલિસે ૪૪,૦૪૦ના વિદેશી દારૂ સાથે એક વ્યક્તિની અટકાયત કરી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાની લીમડી પોલિસ આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણી સંદર્ભે સતર્ક રહી હંગામી ચેક પોસ્ટ ઉભી કરી અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો પર વોચ રાખી રહેલ હતા ત્યારે કારઠ ગામ ત્રણ રસ્તા નજીક લીમડી પોલિસ વાહન ચેકીંગ કરી રહેલ હતી ત્યારે એક સફેદ કલરની ઈકો ય્ન-૨૦-છઊ-૫૩૯૧ આવી રહેલ હતી આ ગાડીના ચાલક દ્વારા પોલિસને દૂરથી જોઈ ગાડી વળાવી નાસી છૂટવાનો પ્રયત્ન કરતા લીમડી પોલિસને શંકા જતા લીમડી પોલિસ દ્વારા ગાડીનો પીછો કરી આ ગાડી કારઠ રોડ થી કંબોઈ ગામ થઈ લીમડી દાહોદ રોડ પર દાહોદ તરફ જતા પોલિસ દ્વારા રૂખડી ગામ પાસે થી ગાડી રોકી તેની અટકાયત કરી તેની તલાસી લેતા તેમાં વિદેશી દારૂ જોવા મળ્યો હતો.

### નગરમાં ભગવાન જગન્નાથજીની આઠમી રથયાત્રા નીકળશે

# ઝાલોદ સોમનાથ મંદિર ખાતે રથયાત્રાના આયોજન અર્થે હિન્દુ સંગઠનોની મીટીંગ યોજાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

તારીખ ૦૮-૦૬-૨૦૨૫ રવિવારના રોજ રાત્રિના આઠ વાગે સોમનાથ મંદિર ખાતે રથયાત્ર-ાની પૂર્વ તૈયારી માટે હિન્દુ સંગઠ-નોની એક મીટિંગ યોજાઈ હતી. ભગવાન જગન્નાથની રથયાત્રા ૨૭-૦૬-૨૦૨૫ શુક્રવારના રોજ નગરમાં ધામધૂમથી નિકળનાર છે. ઝાલોદ નગરમાં સહુ પ્રથમ ૨૦૧૮ મા જગન્નાથ યાત્રા નીકળી હતી આ જગન્નાથ યાત્રા નિમિતે ભગવાનની પ્રતિમાઓ જગન્નાથપુરી થી લાવવામાં આવેલ હતી. ૨૦૧૮ થી રથયાત્રા નીકળતા આઠમા વર્ષમા પ્રવેશ કરી રહેલ છે તેની પૂર્વ તૈયારી રૂપે કામગીરીની વહેંચણી કરી રૂપરેખા બનાવવામાં આવી હતી.

આજની મીટીંગમાં રથ સજાવવુ, વિવિધ ઝાંખીનુ આયોજન કરવું, અખાડા તેમજ રથયાત્રાને વધુ સુંદર કેવી રીતે બનાવવું તે અંગે મીટીંગમાં આવેલ હિન્દુ સંગઠનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આયોજન અંગે રૂપરેખા પૂર્ણ થતાં જય જગન્નાથના નાદ સાથે મીટીંગ પૂર્ણ કરવામાં આવી હતી.

# આણંદ-સોજીત્રા રોડ ઉપર વર્ષના અંત સુધીમાં ૧૯ કરોડના ખર્ચ અત્યાધુનિક મહેસૂલ ભવન કાર્યરત થશે

। (પ્રતિનિધી) આણંદ, તા.૯ ।

આણંદ શહેરની વસતિ અને વ્યાપ વધવાની સાથોસાથ અગાઉના સમયમાં શહેરની મધ્યમાં કાર્યરત મોટાભાગની સરકારી કચેરીઓને સમયાંતરે અન્ય ખુલ્લી જગ્યાઓએ સ્થળાંતર કરવામાં આવી છે. જેમાં આણંદ જિલ્લા પંચાયત, કલેકટર કચેરી, આરટીઓ કચેરી વગેરેનો સમાવેશ થાય છે. જો કે કલેકટર કચેરીમાં કાર્યરત મામલતદાર શહેર અને ગ્રામ્ય તેમજ પ્રાંત કચેરીમાં વિવિધ કામસર અરજદારોની વધતી સંખ્યા અને ભવિષ્યના આયોજનોને ધ્યાને લઈને આ ત્રણેય કચેરીઓ અને તેને સંલગ્ન વિભાગો માટે અલગ મહેસૂલ ભવન બનાવવાનું બે વર્ષ અગાઉ આયોજન કરાયુ હતું. જેના ભાગરુપે આણંદ-સોજીત્રા રોડ ઉપર ઈવીએમ વેરહાઉસની બાજુમાં આવેલ સરકારી જમીનમાં ૮૬૦૦ ચો. મી. જગ્યામાં મહેસૂલ ભવન ઉભું કરવાની સરકારમાંથી મંજૂરી મળી હતી. આશરે ૧૨.૭૬ કરોડના ખર્ચ તૈયાર થનાર મહેસૂલ ભવનની ૬૦ ટકા ઉપરાંતની કામગીરી પૂર્ણ થયાનું જાણવા મળે છે. જયારે બાકીની કામગીરી આ વર્ષના ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે. નવીન મહેસૂલ ભવનને એ અને બી એમ બે બ્લોકમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. બંને બ્લોકમાં ભોંયતળિયા ઉપરાંત બે માળ બનશે. જેમાં મામલતદાર શહેર અને ગ્રામ્યની કચેરીઓ સહિત તેને સંલગ્ન ઈ-ધરા સહિતના વિભાગો પણ અહીં ખસેડવામાં આવશે. આ ઉપરાંત પ્રાંત અધિકારી, આણંદની કચેરી અને તેની સાથે સંકળાયેલ અન્ય વિભાગોની કચેરીઓ પણ આ નવીન બિલ્ડીંગમાં લાવવામાં આવશે. બંને બ્લોકમાં લીફટ, કોન્ફરન્સ હોલ, પાર્કિંગ, ફાયર સેફટી, લેન્ડ સ્કેપીગ, રેઈન વોટર હાર્વસ્ટીંગ સહિતની આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કર-ાવવામાં આવનાર છે. મહેસૂલ ભવનના પ્રથમ તબકકાની કામગીરીમાં અંદાજે ૧૨.૭૬ કરોડના ખર્ચ બે માળનું સુવિધાઓ સાથેનું બિલ્ડીંગ ઉભું કરવામાં આવશે. ત્યારબાદ આશરે ૬ કરોડ ઉપરાંતના ખર્ચ તમામ કચેરીઓ ફર્નિચરની કામગીરી કરવામાં આવનાર છે. આમ, અંદાજે ૧૯ કરોડના ખર્ચ બનનાર સંપૂર્ણ સુવિધા સાથેનું બિલ્ડીંગ ડિસેમ્બર,૨૦૨૫ના અંત સુધીમાં લોકાર્પણ કરવામાં આવનાર હોવાનું આયોજન થઈ રહ્યાનું જાણવા મળે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.




નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલય ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે “વિકસિત ભારત કા અમૃત કાલઃ સેવા, સુશાસન ઔર ગરીબ કલ્યાણ કે ૧૧ સાલ” વિષય પર પત્રકાર પરિષદને સંબોધ્યા બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા પાર્ટીના નેતાઓ સાથે એક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી રહ્યા છે.

# મોસમનો મિજાજ બદલાયો, રાજસ્થાન, હરિયાણા, પંજાબમાં આગઝરતી ગરમી

## જયપુર મીટિઓરોલોજિકલ સેન્ટરે આગાહી કરી છે કે આગામી દિવસોમાં લોકોને વધુ આકરી ગરમીનો સામનો કરવો પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશમાં ચોમાસાની શરૂઆતની સાથે જ આકરી ગરમી પણ પડવા લાગી છે. જૂન મહિનામાં પારાએ અચાનક જ તમામને ચોંકાવી દીધા છે. રાજસ્થાનના શ્રીગંગાનગરમાં ગરમીનો પારો ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ પહોંચી ગયો છે. જેને કારણે લોકોને આકરી ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદને કારણે અલગ જ માહોલ છે. જયપુર મીટિઓરોલોજિકલ સેન્ટરે આગાહી કરી છે કે આગામી દિવસોમાં લોકોને વધુ આકરી ગરમીનો સામનો કરવો પડશે. આમ પશ્ચિમ વિસ્તારોમાં ચોમાસું મંદ પડ્યું છે તેવું કહી શકાય. રાજસ્થાનના બીકાનેરમાં ૪૬ ડિગ્રી સેલ્સિયસ તાપ માન નોંધાયું છે, જ્યારે બાડમેરમાં ૪૫.૯ તો ચુરુમાં ૪૫.૬ ડિગ્રીએ લોકોને ખાસ્સો પરસેવો પાડી રહી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન આગામી થોડાક દિવસોમાં પણ ૪૫થી ૪૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. રાજધાની દિલ્હીમાં અનેક દિવસોના વરસાદ પછી મોસમે અચાનક જ મિજાજ બદલી લીધો છે. રવિવારે રાજધાનીમાં મહત્તમ તાપમાન ૪૨.૧ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. જે સામાન્યથી બે ડિગ્રી સેલ્સિયસથી પણ વધુ રહ્યું છે. જોકે સોમવારે ધૂળભરી આંધીથી વાતાવરણ બદલાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. જોકે તાપ માનમાં ઘટાડાની કોઈ સંભાવના નથી. બીજી બાજુ હરિયાણા અને પંજાબમાં પણ આગઝરતી ગરમી પ ડી રહી છે.હરિયાણાના સિરસામાં તાપમાન ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની ચંડીગઢમાં ૪૨.૧ ડિગ્રી સેલ્સિયસ થયું હતું. જે સીઝનમાં અત્યારસુધીનું સૌથી વધુ તાપમાન છે. રોહતકમાં ૪૫.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પંજાબમાં ભટિંડા ૪૪.૮ ડિગ્રી સેલ્યિયસ તાપમાન સાથે સૌથી વધુ ગરમ સ્થળ રહ્યું હતું. પપૂર્વોત્તર રાજ્યો આસામ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં હવે પૂરનો પ્રકોપ ઘટ્યો છે. પરંતુ સ્થિતિમાં કોઈ ખાસ સુધારો થયો નથી. ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ ભેખડો ધસી જવાને કારણે માર્ગ વ્યવહાર ખોરવાયો હતો. જેમાં સેનાના ૨૦ જવાનો સહિત કુલ ૪૮ લોકો ફસાયા હતા. સેનાના વિમાને તમામને સલામત સ્થળે ખસેડ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### US અને ચીન વચ્ચે વેપાર વાટાઘાટો થાય તે પહેલા જ નવા વિવાદો જન્મ્યા

। (એજન્સી) બેઇજિંગ, તા.૯ ।

અમેરિકા અને ચીન વચ્ચે લંડનમાં સોમવારથી વેપાર મંત્રણા શરૂ થાય તે પહેલા જ બંને દેશો વચ્ચે શ્રેણીબદ્ધ નવા વિવાદો ઊભા થયા છે અને તેનાથી ટેરિફ વોર ફરી ચાલુ થવાનું જોખમ ઊભું થયું છે. બંને દેશો એકબીજા પર પર લાદવામાં આવેલી ૧૦૦ ટકાથી વધુની મોટાભાગની ટેરિફને ૯૦ દિવસ માટે સ્થગિત કરવા ગયા મહિને જીનિવામાં સંમત રથયા હતાં. જોકે આ પછીથી બંને દેશો વચ્ચે એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર, દુર્લભ ખનિજો અને અમેરિકન યુનિવર્સિટીઓમાં ચીની વિદ્યાર્થીઓ માટેના વિઝા અંગે વાકયુદ્ધ ચાલુ છે. પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા ગુરુવારે ચીનના નેતા શી જિનપિંગ સાથે ફોન પર લાંબી વાતચીત કરી હતી, જેથી સંબંધો પાટા પર આવી શકે. આના બીજા દિવસે ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે સોમવારે લંડનમાં વેપાર વાટાઘાટો યોજાશે.

### બેન્ક ઓફ બરોડાએ વ્યાજદર ૦.૫૦ ટકા, HDFCએ ૦.૧૦ ટકા ઘટાડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

બેન્ક ઓફ બરોડા (બીઓબી) અને ખાનગી ક્ષેત્રની ટોચની બેન્ક એચડીએફસી બેન્કે વ્યાજદરમાં અનુક્રમે ૦.૫૦ ટકા અને ૦.૧૦ ટકાનો ઘટાડો કર્યો છે. તાજેતરમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ મોનેટરી પોલિસી કમિટીની બેઠક બાદ રેપો રેટમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. આરબીઆઈએ રેપોરેટમાં નોંધપાત્ર ઘટાડો કરાયા બાદ બેન્કોએ તેના ગ્રાહકોને લાભ આપવાની શરૂઆત કરી છે. આગામી સમયમાં વધુ બેન્કો પણ વ્યાજદરમાં ઘટાડો કરે તેવી સંભાવના છે.બીઓબીએ રવિવારે ધિરાણ દર ૫૦ બેઝિસ પોઈન્ટ એટલે કે અડધો ટકો ઘટાડ્યો હોવાનું જણાવ્યું હતું. બીજીતરફ એચડીએફસી બેન્કે તેના માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ બેઝ્ડ લેન્ડિંગ રેટ (એમસીએલઆર) માં તમામ મુદત પર ૦.૧૦ ટકાનો ઘટાડો કર્યો હતો. બીઓબીએ જણાવ્યું હતું કે, આરબીઆઈના નીતિગત ફેરફારના અનુસંધાનમાં બેન્ક દ્વારા રેપોરેટ સંલગ્ન ધિરાણ દર (આરએલએલઆર)માં ૦.૫૦ ટકાનો ઘટાડો કરાયો છે જેનો અમલ ૭ જૂનથી થશે.

# ગ્રેટા થનબર્ગને ગાઝામાં રાહત સામગ્રી સાથે પ્રવેશવા ઇઝરાયેલે મનાઇ ફરમાવી

। (એજન્સી) તેલ અવિવ, તા.૯ ।

નોબેલ એવોર્ડ વિજેતા અને સ્વીડનની પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગને કોઈપણ ભોગે જહાજ દ્વારા ગાઝામાં રાહત સામગ્રી સાથે પ્રવેશ નહીં આપવામાં આવે તેવી ધમકી ઈઝરાયેલે ઉચ્ચારી છે. થનબર્ગ સહિત ૧૨ અન્ય લોકો ઈટાલીના સિસિલીથી ગત રવિવારે ગાઝામાં રાહત સામગ્રી પહોંચાડવા જહાજ લઈને નિકળ્યા છે. ઈઝરાયેલના ડિફેન્સ મિનિસ્ટર ઈઝરાયેલ કાત્ઝે જણાવ્યું હતું કે, તેઓ આ જહાજને પેલેસ્ટેનિયન દરિયાઈ સરહદની અંદર પ્રવેશવા દેશે નહીં. ઈઝરાયેલે હમાસમાં હથિયારોનો જથ્થો પહોંચતો અટકાવવા દરિયાઈ સરહદ પર ચુસ્ત બંદોબસ્ત ખડક્યો છે. કાત્ઝે જણાવ્યું કે, મે ઈઝરાયેલના લશ્કરને મેડલિન જહાજને કોઈપણ ભોગે ગાઝામાં નહીં પ્રવેશવા દેવા આદેશ આપ્યો છે. થનબર્ગ અને તેના યહૂદી વિરોધી સાથીઓ, હમાસના પ્રચારકોને હું સ્પષ્ટ જણાવું છું કે, તમે પરત ફરી જાઓ કારણ કે તમે ગાઝા પહોંચી શકશો નહીં. ગ્રેટા તથા ફ્રાન્સ સંસદની સૌપ્રથમ પેલેસ્ટેનિયન સભ્ય અને વકીલ રિમા હસન સહિત ૧૨ લોકો સિસિલીથી ગાઝામાં રાહત સામગ્રી પહોંચાડવા મેડલિન નામનું જહાજ લઈને નિકળ્યા છે. આ જહાજનું સંચાલન ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધન કરી રહ્યું છે જે અગાઉ પણ ગાઝામાં મદદ પહોંચાડવાનો પ્રયાસ કરી ચૂક્યું છે પરંતુ ઈઝરાયેલ ટસનું મસ થયું નહતું. પ ેલેસ્ટેનિયન માટે ઈઝરાયેલીની નીતિની ટીકા બદલ અગાઉ રિમા હસનને ઈઝરાયેલમાં પ્રવેશ મંજૂરી અપાઈ નહતી. થનબર્ગસહિતના કાર્યકરો ભૂખમારાથી ત્રસ્ત ગાઝાવાસીઓ માટે દવાઓ, અનાજ, બાળકો માટે દૂધ, ડાયપર, કૃત્રિમ અંગો, વોટર પ્યૂરિફાયર વગેરે જહાજ દ્વારા પહોંચાડવા માંગે છે. ઈઝરાયેલે છેલ્લા ત્રણ મહિનાથી ગાઝા ફરતે સરહદો પર લોખંડી સુરક્ષા ખડકી છે અને કોઈપણ રાહત પહોંચવા દીધી નથી. છેલ્લા એક મહિનાથી મર્યાદિત મદદની છૂટ આપવામાં આવી છે. પરંતુ પરિસ્થિતિ અત્યંત વિકટ હોવાથી મદદ પૂરતી ના હોવાનું એજન્સીઓ જણાવી રહી છે. ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધન દ્વારા સમુદ્ર મારફતે ગાઝામાં મદદ પહોંચાડવાનો આ પ્રથમ પ્રયાસ નથી. મેમાં રાહત સામગ્રી લઈ જતા એક જહાજને માલ્ટા નજીક આંતરરાષ્ટ્રીય સરહદ પર ડ્રોનથી નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં જહાજનો આગળના ભાગને નુકસાન થયું હતું અને ગઠબંધને ઈઝરાયેલ પર હુમલાનો આક્ષેપ કર્યો હતો. થનબર્ગ અને તેના સાથીઓને જહાજ સાથે ગાઝામાં નહીં પ્રવેશવા દેવા અને મિશનમાં સફળ ના થવા દેવા ઈઝરાયેલે સ્પષ્ટ ચીમકી આપી છે ત્યારે મેડલિન જહાજ સાથે ગાઝા પહોંચવા થનબર્ગ પણ અડગ છે. આ માટે અમેરિકા અને બ્રિટનને પણ વિનંતી કરવામાં આવી છે. ઈઝરાયેલે હમાસમાં હથિયારો પહોંચતા રોકવા ત્રણ મહિનાથી દરિયાઈ અને જમીન માર્ગની સરહદો પર ચુસ્ત નાકાબંધી ગોઠવી દીધી છે.

## કોઈ એકના કારણે દેશને આઝાદી મળી નથી, વ્યાપક પ્રયાસોનું પરિણામ : મોહન ભાગવત

### બધા હિન્દુઓને એક કરવા માટે કાર્ય કરવું પડશે, દરેક ઘરમાં ‘સંસ્કાર’ (મૂલ્યો) અને પરિવારોમાં સુમેળ હોવો જોઈએ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે દેશના સ્વતંત્રતા સંગ્રામ અને પછી દેશને મળેલી આઝાદીને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે દેશની આઝાદી ૧૮૫૭ના બળવાથી શરુ થઈને વ્યાપક પ્રયાસોનું પરિણામ હતું, નહીં કે એક વ્યક્તિની સિદ્ધિ હતી. આની સાથે જ તેમણે સંઘના સભ્યોને દરેક પરિવાર સુધી પહોંચવા અને બધા હિન્દુઓને એક કરવા માટે કામ કરવા હાકલ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ધ્યેય એવા સમાજનું નિર્માણ કરવાનો છે જે જાતિવાદ જેવી અસમાનતાઓથી મુક્ત હોય અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની જવાબદારીથી વાકેફ હોય.બધા હિન્દુઓને એક કરવા માટે કાર્ય કરવું પડશે. દરેક ઘરમાં ‘સંસ્કાર’ (મૂલ્યો) અને પરિવારોમાં સુમેળ હોવો જોઈએ. જેથી દરેક ઘરમાં સનાતન પરંપરા ફરીથી સ્થાપિત થઈ શકે તેમ તેમણે ઉમેર્યું હતું. નાગપુરમાં એક પુસ્તક વિમોચન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે પોતાના સંબોધનમાં મોહન ભાગવતે કહ્યું કે, હંમેશા એ વાત પર ચર્ચા થાય છે કે દેશને આઝાદી કોના પ્રયાસોથી મળી હતી. પરંતુ હકીકત એ છે કે આ આઝાદી કોઈ વ્યક્તિના કારણે મળી નથી. આ માટેના પ્રયાસો ૧૮૫૭થી શરુ થયા અને દરેક જગ્યાએ આગ ભભૂકી હતી, ત્યાર પછી આ આગ ક્યારેય શાંત થઈ નહીં. પ્રયાસ ચાલુ રહ્યા અને તમામ સામૂહિક પ્રયાસોથી આપણને આઝાદી મળી. સામૂહિક વિચાર અને નિર્માણનું મહત્વ સમજાવીને આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે સંઘની દિશા સામૂહિક વિચારથી નક્કી થાય છે, સંઘનું કામ એક કે બે લોકોનું કામ નથી, સંઘ જે પણ કરે છે અને જે પણ કહે છે, એ સામૂહિક નિર્ણય હોય છે.

### પ્રોડક્ટિવિટી વધારવા માટે AI જરૂરી : સુંદર પિચાઈ

## AI મનુષ્યની જગ્યા નહીં લઈ શકે : ગૂગલના CEO

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

ગૂગલના CEO સુંદર પિચાઈનું કહેવું છે કે AI હાલમાં મનુષ્યની જગ્યા નહીં લઈ શકે. સુંદર પિચાઈએ આ વિશે લેક ફ્રિડમેનના પોડકાસ્ટમાં વાત કરી હતી. સુંદર પિચાઈનું માનવું છે કે AI મનુષ્યના કામને એક્સલરેટ કરવા માટે કામ કરશે, પરંતુ તેની જગ્યા નહીં લઈ શકે. AI વધુને વધુ એડ્વાન્સ બનતાં હવે નોકરી પર જોખમ હોવાનું કહેવામાં આવી રહ્યું છે, પરંતુ એમાં કોઈ તથ્ય હોવાનું ગૂગલના CEOને લાગતું નથી. ગૂગલમાં હવે 30% કોડ AI દ્વારા જનરેટ કરવામાં આવે છે. આ વિશે સુંદર પિચાઈ કહે છે, ‘અમે ખાસ કરીને એ ડેટા પર ધ્યાન આપીએ છીએ અને એને ખૂબ જ સાવચેતીથી જોવામાં આવે છે કે AIને કારણે કંપનીના એન્જિનિયરિંગના કામમાં કેટલી ગતિ આવી છે.’ તેમના કહેવા મુજબ AIને કારણે કંપનીને ફાયદો થઈ રહ્યો છે, કારણ કે સામાન્ય કામ AI સંભાળી લે છે જેથી એન્જિનિયર્સ વધુ કોમ્પ્લેક્સ કામ સારી રીતે કરી શકે. ગૂગલ હવે આવતાં વર્ષે વધુ એન્જિનિયર્સને કામે રાખવાનું પ્લાનિંગ કરી રહ્યું છે. AI ઝડપથી આગળ વધી રહ્યું છે, તેમ છતાં ગૂગલ વધુ લોકોને કામે રાખવાની તૈયારી કરી રહ્યું છે. ગૂગલ હવે તેની કાર્યક્ષમતા વધારી રહ્યું છે. આ વિશે સુંદર પિચાઈ કહે છે, ‘AIને કારણે હવે ગૂગલ પણ ઘણાં કામ કરી શકે છે અને હવે અમે એના પર પણ ફોકસ કરી રહ્યા છીએ.’ આગામી વર્ષમાં AI વધુ એડ્વાન્સ બનશે, તેથી વધુને વધુ સામાન્ય કામ AI દ્વારા કરવામાં આવશે. આથી, ગૂગલના એન્જિનિયર્સ હવે ક્રીએટિવ પ્રોબ્લેમ સોલ્વ કરવા અને નવીનતા શરૂ કરવા પર વધુ ધ્યાન આપશે.

### ગુસ્સામાં આવી યુવકે ચાકૂના ૧૭ ઘા મારી દીધા

## બે બાળકોની માએ બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ કરતા કરૂણ અંજામ

। (એજન્સી) બેંગલુરુ, તા.૯ ।

બેંગલુરુની એક હોટલમાંથી સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે. OYO હોટલમાં મહિલાની તેના બોયફ્રેન્ડે ચાકૂ મારીને હત્યા કરી નાખી છે. આ ઘટના શુક્રવાર મોડી રાતની છે, પણ બે દિવસ બાદ તેનો ખુલાસો થયો છે. પીડિતાની ઓળખ ૩૩ વર્ષની હરિણી તરીકે થઈ છે. આરોપી ૨૫ વર્ષીય ટેક્નિક નિષ્ણાત યશસ છે. બંને બેંગલુરુના પશ્ચિમી ઉપનગર કેંગેરીના રહેવાસી હતા. કહેવાય છે કે મહિલાનો બોયફ્રેન્ડ તેનાથી ૮ વર્ષ નાનો છે અને મહિલા પરણેલી હતી અને બે બાળકોની માતા પણ હતી. હત્યા પૂર્ણા પ્રજ્ઞા લેઆઉટમાં એક OYO હોટલના રૂમમાં થઈ, જ્યાં હરિણીની ચાકૂ મારીને હત્યા કરી નાખી. સુબ્રમણ્ય પુરા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ પણ નોંધાઈ છે અને તપાસ ચાલી રહી છે. ડીસીપી સાઉથ લોકેશ બી. જગલાસરે જણાવ્યું કે, ૬ અને ૭ જૂનની રાતે સુબ્રમણ્યપુરા પોલીસ સ્ટેશનમાં હત્યાની જાણકારી મળી હતી. બંને એકબીજાને જાણતા હતા. મહિલા દોસ્તી ખતમ કરવા માગતી હતી અને ખુદને તેનાથી દૂર કરવાની કોશિશ કરી રહી હતી. ગુસ્સો અને ઈર્ષ્યાના કારણે, છોકરાએ મહિલાને ૧૭ વાર ચાકૂના ઘા મારી હત્યા કરી નાખી. હાલમાં આરોપીની ધરપકડ કરી લીધી છે. હરિણી અને તેનો પ્રેમી યશસ, જે એક સોફ્ટવેર એન્જિનિયર છે, એક જ વિસ્તારમાં રહેતા હતા. બંનેની વચ્ચે પ્રેમ સંબંધ હતો, પણ થોડા સમય બાદ હરિણીએ આ સંબંધ ખતમ કરવાનું નક્કી કર્યું. તે યશસથી દૂર રહેવા લાગી. આ વાત યશસ સહન કરી શક્યો નહીં. તેની બળતરા અને ગુસ્સાના કારણે પ્રેમિકાનો જીવ ગયો. યશસે હરિણીને એક OYO હોટલના રૂમમાં મળવા બોલાવી. ત્યાં તેણે મળવાના બહાને ઘા કર્યો.



નવી દિલ્હીના ચાણક્યપુરીના સંજય કેમ્પમાં, ઉનાળાના ગરમ દિવસે, પાણીની કટોકટી વચ્ચે રહેવાસીઓ ટેક્રમાંથી પીવાનું પાણી એકત્રિત કરી રહ્યા છે ત્યારે બાળકો રમી રહ્યા છે.

## USમાં ભણતાં દર ચાર વિદેશી વિદ્યાર્થીઓમાં એક ભારતીય

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જતાં વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યામાં છેલ્લાં કેટલાંક સમયમાં નોંધપાત્ર વધારો થયો છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)- સેવિસના એક અહેવાલ મુજબ ૨૦૨૪માં અમેરિકામાં અભ્યાસ કરનારા દર ચાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી એક ભારતીય હતો. ૨૦૨૪માં અમેરિકામાં ભારતના વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૪.૨ લાખ હતી, જે ૨૦૨૩ની તુલનાએ ૧૧.૮ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. અમેરિકાના કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતનો હિસ્સો ૨૭ ટકા જેટલો છે, જ્યારે ચીનનો હિસ્સો ૨૦ટકા જેટલો છે. વિદેશી વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ વિઝિટર્સની માહિતીનું નિયમન કરતા અમેરિકાના ગૃહ સુરક્ષા વિભાગની વેબ આધારિત સિસ્ટમ, સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિઝિટર ઈન્ફોર્મેનશન સિસ્ટમ (સેવિસ) દ્વારા જારી કરાયેલાં એક અહેવાલ અનુસાર, સેવિસના રેકોર્ડ્સ અનુસાર, ૨૦૨૪માં એફ-૧ અને એમ-૧ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫.૮ લાખ નોંધાઈ હતી, જે ગત કેલેન્ડર વર્ષની તુલનાએ ૫.૩ ટકાનો વધારો સૂચવે છે. અમેરિકામાં અભ્યાસ માટે વિશ્વના ૨૨૯ જેટલાં દેશોના વિદ્યાર્થીઓ આવે છે, જેમાં સૌથી વધુ ભારતના હોય છે તેમ તેમાં જણાવાયું છે. અમેરિકામાં અભ્યાસાર્થે આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ૭૨ ટકા સાથે એશિયનોની સંખ્યા સૌથી વધુ છે. એશિયાના આશરે ૧૧ લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરે છે. જેમાંથી આશરે ૪.૨ લાખ ભારતીય છે. ૩.૨ લાખ વિદ્યાર્થીઓ સાથે બીજા ક્રમે ચીન છે. જોકે ૨૦૨૩ની તુલનાએ ૨૦૨૪માં અમેરિકામાં અભ્યાસ માટે આવતાં ચીનના વિદ્યાર્થીઓનું પ્રમાણ ૦.૨૫ ટકા જેટલું ઘટ્યું છે. આઈસીઈના અહેવાલ અનુસાર, કેલિફોર્નિયામાં સૌથી વધુ ૨.૩૭ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. જ્યારે બીજા ક્રમે રહેલાં ન્યૂયોર્કમાં ૧.૭૨ લાખ વિદેશી વિદ્યાર્થીઓ વિવિધ ઊચ્ચ શૈક્ષણિક ડિગ્રી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી રહ્યાં છે. બોસ્ટન કોલેજના પ્રોફેસર અને ઉચ્ચ શિક્ષણના નિષ્ણાત ક્રિસ.આર. ગ્લાસના જણાવ્યાં અનુસાર, સેવિસના આંકડા અનુસાર, માર્ચ, ૨૦૨૪ના ૧૧.૫૩ લાખ સક્રિય વિદ્યાર્થીઓની તુલનાએ માર્ચ, ૨૦૨૫માં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ૧૦.૨૨ લાખ થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે, માર્ચ, ૨૦૨૪ના આશરે ૩.૫૪ લાખ વિદ્યાર્થીઓની તુલનાએ માર્ચ, ૨૦૨૫માં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮ ટકા જેટલી ઘટી ૨.૫૫ લાખ રહેવા પામી હતી.

### આરોપીના બેંક એકાઉન્ટના આધારે તપાસ કરતા સામે આવ્યું છે તેમની સામે ૧૮ રાજ્યોમાં સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાઈ છે

# સુરતના વૃદ્ધને ડિજિટલ અરેસ્ટ કરી રૂપિયા ૧૬ લાખ ખંખેર્યા

। (એજન્સી) સુરત, તા.૯ ।

ટેક્નોલોજીના યુગમાં લોકો વિવિધ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરે છે. એવામાં સાયબર ક્રાઈમને લગતી ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. આ સાયબર ક્રાઈમ હેઠળ ગુનેગારો વિવિધ ગુનાઈત પ્રવૃત્તિઓ જેવી કે ડિજિટલ ફ્રોડ અને ડિજિટલ અરેસ્ટ દ્વારા સામાન્ય નાગરિકોના લાખો રૂપિયા ખંખેરી લેતા હોય છે. આવો જ એક કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે, જેમાં એક વૃદ્ધને દિલ્હી પોલીસની ખોટી ઓળખ આપી વીડિયો કોલ કરીને મની લોન્ડરિંગના કેસની ધમકી આપીને ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. તેમની પાસેથી ૧૬ લાખથી વધુ રૂપિયાની ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. હાલ આ મામલે પોલીસે ભાવનગરના ઈન્ટરનેશનલ બાસ્કેટ બોલ પ્લેયર સહિત ત્રણ લોકોને ઝડપી પાડ્યા છે. મળતી માહિતી અનુસાર, સુરતમાં રહેતા એક વૃદ્ધને વીડિયો કોલ કરીને દિલ્હી પોલીસની ઓળખ આપીને ૨.૫૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિગનો કેસ થયાનું કહીને બે દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. આ ઉપરાંત તેમના બેંક માંથી એફ.ડી. તોડાવીને ૧૬ લાખ ૬૫ હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. આ સમગ્ર ઘટનાની જાણ વૃદ્ધે તેમની દિકરીને કરી હતી. ત્યારબાદ તેમણે આ મામલે સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધવી હતી. પોલીસે બેંક ડિટેલના આધારે તપાસ કરતા ભાવનગરમાં રહેતા ૨૨ વર્ષીય ઈન્ટરનેશનલ બાસ્કેટ બોલ પ્લેયર પરમવીરસિંહ, ૩૮ વર્ષીય રાજુ પરમાર અને ક્રિષ્ના કુમાર ઝડપી પાડ્યા છે. આરોપીના બેંક એકાઉન્ટના આધારે તપાસ કરતા સામે આવ્યું છે, તેમની સામે ૧૮ રાજ્યોમાં સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ સાયબર ક્રાઈમ, CBI અધિકારી, કસ્ટમ અધિકારી અથવા પોલીસ અધિકારીનો સ્વાંગ રચી લોકોને વીડિયો અથવા ઓડિયો કોલ કરતા હતા. જેમાં તે કહેતા કે, તમે કોઈ પાર્સલ વિદેશ મોકલ્યું છે અથવા વિદેશથી આવ્યું છે, જેમાં ગેરકાયદે માલસામાન, ડ્રગ્સ, નકલી પાસપોર્ટ અથવા કોઈ પ્રતિબંધિત ચીજવસ્તુ છે. આવા કિસ્સાઓમાં ભોગ બનનારને સ્કાઈપ અથવા અન્ય વીડિયો કોન્ફરન્સિંગ પ્લેટફોર્મ પર હાજર રહેવા મજબૂર કરી તેઓને પોતાના ઘરમાં ડિજિટલી અરેસ્ટ કરીને સમાધાન અને કેસ બંધ કરવા માટે પૈસાની માંગ કરતા હતા.

### વડોદરામાં જળ શક્તિ અભિયાન કાર્યક્રમ દરમિયાન રોષ

# ભાજપના નેતા અને કોર્પોરેટર સમક્ષ સ્થાનિક રહીશોનો રોષ

। (એજન્સી) વડોદરા,તા.૯ ।

વડોદરા શહેરમાં જળ શક્તિ અભિયાન અંતર્ગત આજે કારેલીબાગ વિસ્તારમાં ભાજપના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો, ત્યારે આજુબાજુના સ્થાનિક રહીશોએ ભાજપના નેતા મનોજ પટેલ (મંછો)અને કોર્પોરેટર બંદીશ શાહ સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી કે આ કામગીરીમાં જે પાઈપો નાખી છે તે જ ચોકઅપ થઈ ગઈ છે ત્યારે આ પોન્ડ બનાવવાનો કોઈ અર્થ નથી અને જ્યારે પાણી ભરાય છે ત્યારે કોઈ દેખાતું નથી તે સામે ભાજપના કોર્પોરેટર બંધી શાહે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પાણી ભરાઈ નહીં તે માટેના અમારા પ્રયત્નો રહેલા છે ચોમાસા સમયે પણ કામગીરી કરી છે.

શહેરમાં આવેલા પૂર સમયે ભાજપના નેતાઓ પ્રજાની મદદથી આવ્યા જ નથી અને કોઈ કામગીરી કરવામાં આવતી નથી તેવી અગાઉ અવારનવાર ફરીયાદો થઈ હતી. આજે વડોદરા ભાજપ દ્વારા જળશક્તિ અભિયાન કાર્યક્રમ કારેલીબાગ વિસ્તારમાં અંબાલાલ પાર્ક ગ્રાઉન્ડની બાજુમાં આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં વડોદરામાં સૌ પ્રથમ "સ્પોન્જ પોન્ડ" નું ઉદ્ઘાટન અને "હોમ કંમ્પોસ્ટ કીટ" વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન કોર્પોરેટર સ્થાનિકોના રોષનો ભોગ બન્યા હતા. વરસાદી પાણી ભરાય ત્યારે કોઈ જોવા આવતું નથી અને આજે ઉદ્ઘાટન માટે અહીંયા આવ્યા છો તેમ કહી લોકોએ ભાજપના નેતા મનોજ પટેલ અને કોર્પોરેટર બંદિશ શાહ સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી કે, આ વિસ્તારમાં જે વરસાદી ગટરની પાઈપો નાખવામાં આવી છે તે ચોક્કસ છે તેની સફાઈ કરવામાં આવતી નથી અને તમે અહીં ચોમાસા સમયે દેખાયા નથી હવે ઉદ્ઘાટન કરવા આવી રહ્યા છો તે યોગ્ય નથી. સ્થાનિક મહિલાઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જ્યારે વરસાદનું પાણી આવે છે ત્યારે બધાનું અનાજ બગડે છે. પાછળથી ગટરનું પાણી આવે છે આગળથી વરસાદનું પાણી. કોઈ જોવા માટે આવતું નથી વોટ લેવા હોય તો બધા દોડી દોડી આવે છે. આ કાર્યક્રમ છે એટલે અહીંયા બધા આવ્યા છે. બે દિવસ અગાઉ જ લાઈન બંધ થઈ હતી તો પાણી જતું ન હતું.

## ઓસ્ટ્રેલિયામાં લાપતા થયા બાદ શંકાસ્પદ હાલતમાં લાશ મળી

। (એજન્સી) મોરબી,તા.૯ ।

અમેરિકા બાદ હવે ઓસ્ટ્રેલિયામાં ગુજરાતી યુવકના મોતની ઘટના બની છે. મોરબીના હળવદના મેરુપરનો યુવાન ઓસ્ટ્રેલિયામાં લાપતા થયા બાદ શંકાસ્પદ હાલતમાં લાશ મળી છે. રાજદીપસિંહ ડોડિયા ૧ જુનના રોજ લાપતા થયો હતો અને ૬ જુનના રોજ નદી કાંઠેથી તેનો મૃતદેહ મળી આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ હળવદના મેરુપરનો જયદીપસિંહ ડોડીયા (ઉંમર ૨૯ વર્ષ) સાતેક વર્ષથી સિડનીમાં રહી નોકરી કરતો હતો. સ્ટુડન્ટ વિઝા પર ગયા બાદ સિડનીમાં રહી નોકરી કરતો હતો. હજી એક વર્ષ પહેલાં જ જયદીપસિંહ ડોડીયાએ લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ મહિના બાદ પત્નીને પણ ઓસ્ટ્રેલિયા લઈને ગયો હતો. પતિ પત્ની બંને સિડનીમાં રહેતા હતા. ૧ જુનના રોજ જયદીપસિંહ ડોડીયા નોકરી પર ગયો હતો, તેના બાદથી ગુમ થયો હતો. તે ઘરે પરત ન ફરતા પત્નીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં તેના ગાયબ થવાની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ ૬ જુને નદી કાંઠેથી તેની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. યુવક જ્યાં રહેતો હતો, તેની ઘરની બાજુમાં જ નદી નીકળતી હતી. આ નદીના કાંઠા પરથી જયદીપસિંહ ડોડિયાનો મૃતદેહ મળી આવ્યો હતો.

## આજે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પાણીકાપ મુકાશે

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

આજે અડધા અમદાવાદ શહેરમાં પાણીકાપની સમસ્યા રહેશે. કારણ કે, આજે જાસપુર વોટર વર્ક્સમાં રિપેરિંગની કામગીરી કરવામાં આવનાર છે. પમ્પિંગ સ્ટેશન બંધ રહેવાથી આવતીકાલે પાણી નહીં મળે. પશ્ચિમ અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં પાણી નહિ મળે. અમદાવાદ પાસે આવેલ જાસપુર વોટર વર્ક્સમાં ૯ જૂને રીપેરીંગ અંતર્ગત શટડાઉન હાથ ધરાશે. ૯ જૂને પમ્પીંગ બંધ રહેવાથી ૧૦ જૂને સવારનો પાણી પુરવઠો નહીં અપાય. જેથી નદીની પશ્ચિમ તરફના મોટા ભાગના નવા વિસ્તારમાં રેગ્યુલર પાણી પુરવઠો નહિ મળે. આ વિશે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રેસનોટ જાહેર કરીને જણાવાયું કે, અમદાવાદના મ્યુ.કો.ના વોટર પ્રોડક્શન બાતા હસ્તકના જાસપુર ૪૦૦ એમ.એલ.ટી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે વીજ પુરવઠો પુરો પાડતી કંપની જેટકો દ્વારા જાસપુર ૬૬ કે.વી સબસ્ટેશનમાં તા.૦૯,૦૬, ૨૦૨૫ ના રોજ પ્રી-મોન્સુન એકટીવીટી અંતર્ગત મેઈન્ટેનનસ માટે સવારે ૮.૦૦ થી બપોરે ૪.૦૦ વાગ્યા સુધી ૮ કલાક માટે રાટડાઉન લીધેલ હોઈ સદર જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૦૮ કલાક બંધ રહેવા પામનાર છે.

### તબીબી વિજ્ઞાન માટે સંશોધનનો વિષય

# સાવરકુંડલામાં ૮ વર્ષના બાળકની આંખની પાપણોમાંથી ૩૦ જીવતી જૂ નીકળી

### આ સર્જરી દરમિયાન બાળકની આંખમાંથી લગભગ ૩૦ જેટલી જૂ અને ૩૫ જેટલા જૂના ઈંડા પણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા

। અમરેલી,તા.૯ ।

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં એક અજીબોગરીબ ઘટના સામે આવી છે, જ્યાં ૮ વર્ષના એક બાળકની આંખમાં અસંખ્ય જૂ થઈ હોવાનું માલૂમ પડ્યું છે. સામાન્ય રીતે માથામાં જોવા મળતી જૂ બાળકની આંખમાં થઈ હોવાની આ ઘટનાએ તબીબી જગતને પણ આશ્ચર્યચકિત કરી દીધું છે.



મળતી માહિતી અનુસાર, બાળકને સતત આંખમાં ખંજવાળ અને અગવડતા થતી હોવાથી તેને સારવાર માટે લલ્લુભાઈ શેઠ આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યું હતું. અહીં ડોક્ટરોએ તપાસ કરતા બાળકની આંખમાં જીવતી જૂ જોઈને ચોંકી ઉઠ્યા હતા. તબીબ દ્વારા બાળકની જટિલ સર્જરી કરવામાં આવી હતી. આ સર્જરી દરમિયાન બાળકની આંખમાંથી લગભગ ૩૦ જેટલી જૂ અને ૩૫ જેટલા જૂના ઈંડા પણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા. આ ઘટનાએ તબીબી વિજ્ઞાન જગતમાં પણ ભારે કુતૂહલ અને ચર્ચા જગાવી છે. ડોકટરો પણ અચંબિત છે કે માથામાં થતી જૂ આંખ જેવા સંવેદનશીલ અંગમાં કેવી રીતે પહોંચી અને ત્યાં જીવિત રહી શકી. આ કિસ્સો મેડિકલ જગત માટે વધુ તપાસ અને સંશોધનનો વિષય બન્યો છે. હાલ, સફળ સર્જરી બાદ બાળક સંપૂર્ણપણે ખતરાની બહાર છે અને તેની તબિયત સુધારા પર છે. ડો. મૃગાંક પટેલ અને તેમની ટીમે સમયસર કરેલી આ જટિલ સર્જરી બદલ બાળકના પરિવારજનોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. બાળકની આંખમાંથી જૂ મળી આવવી એ પેડિક્યુલોસિસ પાલ્પેબ્રારમ નામની તબીબી સ્થિતિ સાથે સંબંધિત છે. આ એક એવી સ્થિતિ છે જેમાં વાળમાં થતી જૂ પાંપણો પર સંક્રમિત થાય છે. આ એક પરોપજીવી સંક્રમણછે, જેમાં "જૂ" આંખની પાંપણો પર ચોંટી જાય છે અને ત્યાં ઈંડા મૂકે છે. સામાન્ય રીતે જૂ માથાના વાળમાં (હેડ લાઈસ) અથવા શરીરના વાળમાં (બોડી લાઈસ) કે પછી ગુપ્તાંગના વાળમાં (પ્યુબિક લાઈસ/ક્રૅબ લાઈસ) જોવા મળે છે. આંખની પાંપણો પર જૂ થવી એ પ્રમાણમાં ઓછું જોવા મળે છે, અને મોટાભાગના કિસ્સાઓમાં તે પ્યુબિક લાઈસ (ગુપ્તાંગમાં થતી જૂ)ને કારણે થાય છે જે ત્યાંથી સ્થળાંતર કરીને આંખો સુધી પહોંચે છે. જો કે, હેડ લાઈસ (માથાની જૂ) પણ ક્યારેક પાંપણોને અસર કરી શકે છે. આ કિસ્સામાં "માથામાં થતી જૂ આંખમાં કેવી રીતે થઈ" તે ડોકટરો માટે તપાસનો વિષય છે. સામાન્ય રીતે માથાની જૂ (હેડ લાઈસ) આંખમાં ઓછી જોવા મળે છે. જ્યારે આંખમાં જૂ જોવા મળે છે, ત્યારે તે મોટે ભાગે પ્યુબિક લાઈસ હોય છે જે શરીરના અન્ય ભાગો, ખાસ કરીને ગુપ્તાંગ વિસ્તારમાંથી, હાથના સંપર્ક દ્વારા આંખો સુધી પહોંચી હોય છે. જો બાળકના કિસ્સામાં "માથામાં થતી જૂ" (હેડ લાઈસ)નો સ્પષ્ટ ઉલ્લેખ હોય તો તે થોડું અસામાન્ય છે અને તેથી જ તબીબો માટે આ સંશોધનનો વિષય બન્યો છે. જૂ કેવી રીતે સ્થળાંતર કરી અને આંખ જેવા સંવેદનશીલ ભાગમાં જીવિત રહી તે રસપ્રદ બાબત છે.

### હવામાન વિભાગની મોટી આગાહી

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે

### ૧૩ થી ૧૪ જૂન દરમિયાન ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં પણ હળવો વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમન પહેલા પ્રી મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદી માહોલ જોવા મળશે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જે ખેડૂતો અને નાગરિકો માટે ખુશીના સમાચાર લઈને આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આવતીકાલે એટલે કે ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ રાજ્યના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે: જેમાં ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદ પડવાની શક્યતા છે.

આ ઉપરાંત, હવામાન વિભાગે ૧૩ થી ૧૪ જૂન, ૨૦૨૫ દરમિયાન ઉત્તર ગુજરાત અને પૂર્વ ગુજરાતમાં પણ હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ સમયગાળા દરમિયાન આ વિસ્તારોમાં પણ વાવણીલાયક ઝાપટાં પડી શકે છે, જે ખેડૂતોમાં સારા ચોમાસાની આશા જીવંત બનાવશે.

ગુજરાતમાં ચોમાસાના આગમનની અપેક્ષા વચ્ચે હવામાન વિભાગે રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની આગાહી કરી છે. આજે, ૧૦ જૂન, ૨૦૨૫ ના રોજ, દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘમહેર થવાની સંભાવના છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, હાલ ચોમાસું મુંબઈ સુધી પહોંચી ગયું છે, અને આગામી દિવસોમાં તે ગુજરાત તરફ આગળ વધશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે નીચેના જિલ્લાઓમાં હળવો વરસાદ પડી શકે છે:

# વડોદરાના સુરસાગર તળાવમાં માછલીઓના મોતનો સિલસિલો જારી

। વડોદરા,તા.૯ ।

વડોદરા શહેરના મધ્યમાં આવેલા સુરસાગર તળાવમાં તાજેતરમાં પાલિકા દ્વારા નવી એરેશન સિસ્ટમ મુકવામાં આવી છે. સિસ્ટમ ઈન્સ્ટોલ કર્યાના ત્રણ દિવસમાં જ ફરી માછલીઓના મૃત્યુ થયાની ઘટના સામે આવી છે. આજે સવારે સુરસાગર તળાવમા અસંખ્ય મૃત માછલીઓ મળી આવી છે. જેને તરાપામાં સવાર થઈને યુવક દ્વારા કાઢવામાં આવી રહી છે. નવી એરેશન સિસ્ટમ થકી સુરસાગર તળાવના પાણીમાં ઓક્સિજ લેવલ જળવાશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. જો કે, હવે દાવાથી વિપરીત પરિસ્થિતીનું નિર્માણ થઈ રહ્યું છે. પાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે સુરસાગર તળાવનું બ્યુટિફિકેશન કરવામાં આવ્યું છે. બ્યુટિફિકેશન બાદ સમયાંતરે તળાવમાં અસંખ્ય માછલીઓના મોતની ઘટના નોંધાઈ રહી છે. જેને ટાળવા માટે પાલિકા તંત્ર દ્વારા ત્રણ દિવસ પહેલા જ નવી એરેશન સિસ્ટમ ઈન્સ્ટોલ કરી છે. એરેશન સિસ્ટમ બાદ પાણીમાં ઓક્સિજનનું જરૂરી લેવલ જળવાઈ રહેશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. જો કે, નવી એરેશન સિસ્ટમ ઈન્સ્ટોલ કર્યાના ત્રણ દિવસમાં જ સુરસાગરમાં માછલીઓના મૃતદેહ મળી આવ્યા છે. આજે સવારે તરાપામાં બેસીને



એક પછી એક મૃત માછલીઓ એકત્ર કરવામાં આવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. જાણવા મળ્યા પ્રમાણે એરેશન સિસ્ટમ એટલી હાઈટેક છે કે, સિસ્ટમમાં ખામી સર્જાય તો સીધો અધિકારીને તેનો મેસેજ જશે. જો કે, દાવાઓથી વિપરીત સુરસાગર તળાવમાં માછલીઓના મૃત્યુનો સિલસિલો જારી છે. પાલિકા દ્વારા શહેરના જળાશયોની જાળવણીમાં કચાશ રાખવામાં આવી રહી હોવાનું આ કિસ્સા પરથી વધુ એક વખત ફલિત થવા પામે છે. હવે માછલીઓના મૃત્યુની ઘટના રોકવા માટે પાલિકા તંત્ર દ્વારા કયા નક્કર પગલાં લેવામાં આવે છે તે જોવું રહ્યું. ૨ કોમ્પ્રેસર અને ૧૫ ડિફ્યુઝર લગાવાયા : વધુ ૧૫ ડિફ્યુઝર લગાડવાનું આયોજન પાલિકાના સુત્રોએ ઉમેર્યું કે, વહીવટી તંત્ર દ્વારા ગત ગુરૂવારે સુરસાગરમાં વધુ કેપેસીટીવાળી સ્ટોરેજ ટેક્ક અને એર ડ્રાયર મુકવામાં આવ્યા છે.

## સાણંદ અને આંબલી રોડ સ્ટેશન પર નમો ભારત રેપિડ રેલના સ્ટોપેજનો પ્રારંભ

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

પશ્ચિમ રેલ્વેએ આજથી ૯ જૂન ૨૦૨૫ થી સાણંદ અને આંબલી રોડ સ્ટેશન પર ટ્રેન નંબર ૯૪૮૦૧/૯૪૮૦૨ અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલનું સ્ટોપેજ પૂરું પાડવામાં આવ્યું છે. આના પગલે હવે બોપલ-ઘુમા, શેલા, મણિપુર, નિધરાડ, સાણંદના રહેવાસીઓએ છેક અમદાવાદના રેલ્વે સ્ટેશન સુધીનો ધક્કો નહીં ખાવો પડે. આના કારણે કાલુપુર રેલ્વે સ્ટેશન, સાબરમતી રેલ્વે સ્ટેશન પર પણ બોજો નહીં પડે. આ પગલાંના લીધે અંદાજે આ વિસ્તારના પાંચેક લાખ લોકોને ફાયદો થશે તેમ માનવામાં આવે છે.

માનનીય સાણંદ ધારાસભ્ય કનુભાઈ પટેલે ૯ જૂન ૨૦૨૫ ના રોજ સાણંદ સ્ટેશનથી ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલને લીલી ઝંડી આપીને સ્ટોપેજનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ સ્ટોપેજ સાથે, આંબલી રોડ અને સાણંદના સ્થાનિક નાગરિકો, વ્યાવસાયિકો અને ઉદ્યોગપતિઓને આ પ્રતિષ્ઠિત ટ્રેનનો લાભ મળશે.

## સુરતમાં બે રીક્ષા અથડાઈ, મહિલાનું કરૂણ મોત થયું

। (એજન્સી) સુરત,તા.૯ ।

સુરતમાં અકસ્માતોનો સિલસિલો અટકતો જ નથી. સુરતમાં બે રીક્ષા સામસામે અથડાઈ હતી. બે રીક્ષા અથડાતા મહિલાનું મોત થયું હતું અને સાતને ઈજા થઈ હતી.

બંને શટલરીક્ષા હોવાનું માનવામાં આવે છે. અકસ્માત થતાં જ સ્થાનિકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને મદદ કરવા લાગ્યા હતા. પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે આવી ગયો હતો. એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલા જ ઈજાગ્રસ્ત મહિલાનું નિધન થયું હતું.

સુરતના સચીનમાં નવસારી રોડ પર બનેલા આ અકસ્માતમાં વળાંક આગળ બંને રીક્ષાઓ પૂરઝડપે સામે આવી રહી હોવાથી અથડાઈ હતી. વળાંક હોવાથી બંને રીક્ષાચાલક એકબીજાને જોઈ શક્યા ન હતા. બંનેની ઝડપ પણ વધારે હતી અને તેથી આ અકસ્માત થયો હતો.

અકસ્માત થતાં આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા વળતાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે મૃત્યુ પામેલી મહિલાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. આ ઉપરાંત આ ઘટનાના સીસીટીવી ફૂટેજ મેળવીને તેમાં કોનો વાંક હતો તેની તપાસ આદરી છે. તેની સાથે બંને રીક્ષાચાલકે ડ્રિંક કર્યું ન હતું તે પણ પોલીસ ચકાસી રહી છે.

આ પહેલા સુરતના કીમ વિસ્તારમાં પિકઅપ વાન અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાબાસાહેબ આંબેડકર સર્કલ પાસે થયેલા અકસ્માતમાં બે બાઈક સવારને સામાન્ય ઈજા પહોંચી હતી. આ ઘટના આખી સીસીટીવીમાં કેદ થઈ છે. જો કે તેને લઈને હજી સુધી પોલીસ ફરિયાદ થઈ નથી. ટેમ્પો ટર્ન મારી રહ્યો હતો ત્યારે ફુલ સ્પીડમાં આવતો બાઈક સવાર તેને અડી જતાં પડ્યો હતો. તેના કારણે બાઈક પર સવાર બે લોકો પટકાયા હતા. તેમને સાધારણ ઈજા થઈ હતી.

## ગાંધીનગરના ૨૮ યાત્રાળુઓને ચાર ધામની યાત્રાને લઈ કડવો અનુભવ થયો

। ગાંધીનગર,તા.૯ ।

ગાંધીનગરમાં ચારધામ યાત્રાના નામે છેતરપિંડી થઈ હોવાની વાત સામે આવી છે, ગાંધીનગરના ૨૮ યાત્રાળુઓને કડવો અનુભવ થયો છે, રૂ.૭ લાખ લઈને ટ્રાવેલ એજન્ટ થયો રફુચક્કર અને હરિદ્વાર પહોંચ્યા ત્યારે છેતરપિંડીની જાણ થઈસ ઠગબાજ પરીક્ષિત જોશી ઠગાઈ કરીને ફરાર થતા મુસાફરો અધવચ્ચે ફસાઈ ગયા છે. ગાંધીનગરના ૨૮ યાત્રાળુઓને ચાર ધામની યાત્રાને લઈ કડવો અનુભવ થયો છે જેમાં ટ્રાવેલ એજન્ટ રૂપિયા ૭ લાખ રૂપિયા લઈ ફરાર થઈ ગયો છે, ગાંધીનગરથી યાત્રાળુઓ હરદ્વાર પહોંચ્યા ત્યાં ખબર પડી કે તેમની સાથે છેતરપિંડી થઈ છે.

### બાઈક બંધ પડવા બાબતે મોટી બબાલ

# ગાંધીનગરમાં ઝઘડો થતા થાર ચાલકે યુવક પર તલવારથી હુમલો કર્યો

। (એજન્સી) ગાંધીનગર,તા.૯ ।

ગાંધીનગરમાં નજીવી બાબતના ઝઘડામાં યુવક પર તલવારથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં યુવક ઘાયલ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જેમાં પ્રતિષ્ઠા એવન્યુ સોસાયટી નજીક ૮ જૂન રાત્રે ૧૦:૩૦ વાગ્યે બનેલી ઘટનામાં ૨૨ વર્ષીય અંકિત પટેલ પર થાર ગાડીના ચાલકે તલવારથી હુમલો કર્યો છે. અંકિત પટેલ તેમના કાકાના દીકરા હિતાંશ સાથે કુડાસણથી સૂર્યા સર્કલ થઈને ઘરે જઈ રહ્યા હતા. રસ્તામાં તેમનું મોટરસાયકલ (GJ-18-CQ-8399) બંધ પડી ગયું. તેઓ વાહનને કિક મારીને ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પાછળથી આવેલી થાર ગાડી (જ્ન-૦૧-ઉફ-૫૭૭૫)ના ચાલકે સતત હોર્ન વગાડ્યો હતો.અંકિતે શાંતિ જાળવવાની વિનંતી કરી. પરંતુ થાર ચાલક ઉશ્કેરાઈ ગયો અને ગાડીમાંથી તલવાર કાઢીને હુમલો કર્યો હતો. અંકિતે તલવાર પકડી પડતાં તેને જમણા હાથની હથેળી અને ડાબા હાથની કોણી પર ઈજા થઈ હતી. આ દરમિયાન હિતાંશ અને અંકિતના મિત્રો રૂદ્ર અને હર્ષ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આસપાસના રહેવાસીઓએ પણ વધુ હિંસા અટકાવી હતી. ઈજાગ્રસ્ત અંકિતને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેના ઘા પર ટાંકા લેવામાં આવ્યા છે. આ દરમિયાન હિતાંશ અને અંકિતના મિત્રો રૂદ્ર અને હર્ષ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આસપાસના રહેવાસીઓએ પણ વધુ હિંસા અટકાવી હતી. ઈજાગ્રસ્ત અંકિતને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેના ઘા પર ટાંકા લેવામાં આવ્યા છે.

# સુરતમાં ઇકો કાર ટ્રેલરમાં ઘૂસી જતાં બેના મોત થયા

। (એજન્સી) સુરત,તા.૯ ।

સુરતમાં ફરીથી ગંભીર અકસ્માત સર્જાયો છે. ઈકો કારને અકસ્માત નડ્યો છે. ઈકો કારને થયેલા અકસ્માતમાં ગાડીમાં બેઠેલા બેના મોત થયા છે. સુરતના માંડવી-ઝંખવાવ રોડ પર અકસ્માતની આ ઘટના બની છે. ટ્રેલરની પાછળ ઈકો કાર ઘૂસી જતાં આ અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માત નજરે જોનારાઓનું કહેવું હતું કે આખા અકસ્માતમાં ટ્રેલર ચાલકનો કોઈ વાંક ન હતો, પણ ઈકો કાર એટલી સ્પીડમાં હતી કે કારચાલક યોગ્ય સમયે બ્રેક મારી શક્યો ન હતો. ઈસર ગામની સીમમાં ઈકો કારને અકસ્માત નડ્યો હતો. આ અંગે કહેવાય છે કે કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘટના બની છે.

આ અકસ્માતમાં ઈસર ગામના જ બે યુવાન તુષાર ચૌધરી અને પ્રિયેન ચૌધરીનું મોત થયું હતું. આખી ઈકો કારનો ભુક્કો બોલી ગયો હતો. આ આખી ઘટના રેશ ડ્રાઈવિંગનું હોવાનું કહેવાય છે. ઈકો કારચાલક પણ આ અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો અને પાછળ બેઠેલાઓને ઈજા થઈ હતી.

આ પહેલાં મહિના પહેલાં જ થયેલા એક વિચિત્ર અકસ્માતમાં બે ટ્રક વચ્ચે કાર આવી જતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ બનાવની વિગત મુજબ સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે ૪૮ ઉપર માંગરોળ પાસે ૨૨ મેની મોડીરાત્રે ટ્રિપલ અકસ્માતની ઘટના બની હતી, જેમાં બે ટ્રક વચ્ચે કાર ફસાઈ જતાં સેન્ડવિચ બની ગઈ હતી. એને પગલે કારમાં સવાર એક યુવક કારમાં ફસાઈ ગયો હતો, જેને કારનું પતરું કાપી ભારે જહેમત બાદ બચાવવામાં આવ્યો હતો.